સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 52

[DEC - 2020]
[20/12/20 to 26/12/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


YouTube ICE RAJKOT

CLICK HERE FOR WATCH

## CURRENT TOPICS

- સિંગાપોરની 'હોકર સંસ્કૃતિ'ને UNESCOની માન્યતા મળી
- 'યોગાસન'ને ભારતમાં સ્પર્ધાત્મક રમત તરીકે માન્યતા આપવામાં આવી
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અમેરિકાના લિજન ઓફ મેરિટ પુરસ્કારથી સન્માનિત કરાયા
- લદાખનું ત્સો કાર વેટલેન્ડ સંકુલ - ભારતનું 42મું રામસર સ્થળ બન્યું
- મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM)
- પીએમ કિસાન યોજના હેઠળ ખેડૂતોના ખાતામાં રૂ. 18,000 કરોડ ટ્રાન્સફર કરાયા


CLICK TO JOIN WHATSAPP joinicerajkot.com
FOLLOW US ON YOUTUBE icerajkot
JOIN TELEGRAM t.me/icerajkotofficial
FOLLOW US ON INSTAGRAM icerajkot

## 20 DECEMBER, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day)

- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International human Solidarity Day)' તરીકે ઉજવવામાં આવે છે.
- સંયુકત રાષ્ટ્રએ વિવિધતામાં એકતાના મહત્ત્વને સમજાવવા માટે વર્ષ 2005માં આ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

### ➤ જમ્મુ-કાશ્મીરમાં આત્યંતિક ઠંડીનો સમયગાળો 'ચિલ્લઈ કલાન'

- જમ્મુ-કાશ્મીરમાં પરંપરાગત 40 દિવસનો સૌથી તીવ્ર શિયાળો જેને 'ચિલ્લઈ કલાન' તરીકે ઓળખવામાં આવે છે.

**ચિલ્લઈ કલાન વિશે**

- 'ચિલ્લઈ કલાન'ના 40 દિવસ એવા હોય છે જે દરમિયાન હિમવર્ષાની સંભાવના સૌથી વધુ હોય છે અને આ સમયગાળામાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.
- ચિલ્લઈ કલાન દરમિયાન કાશ્મીર ખીણમાં હવામાન શુષ્ક અને અતિશય ઠંડુ રહે છે.
- 'ચિલ્લઈ કલાન' પૂર્ણ થયા બાદ 'ચિલ્લઈ-ખૂર્દ(Small Cold)' નામનો 20 દિવસ લાંબો ઠંડીનો સમયગાળો શરૂ થાય છે. ત્યાર બાદ 'ચિલ્લઈ બચ્ચા (baby Cold) નામનો 10 દિવસનો ઠંડીનો સમયગાળો સામાન્ય રીતે શરૂ થતો હોય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ જામનગરમાં 250 એકરમાં વિશ્વનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય બનશે

- સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય ગુજરાતના જામનગરમાં આકાર લઈ રહયું છે.
- આ પ્રાણી સંગ્રહાલયનું નિર્માણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહયું છે અને તેને 'ગ્રીન્સ ઝૂઓલોજીકલ, રેસ્કયુ એન્ડ રિહેબિલિટેશન કિંગ્ડમ' તરીકે ઓળખવામાં આવશે.
- તાજેતરમાં સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA)ની બેઠક યોજાઈ હતી. જેમાં CZA દ્વારા શેર કરેલા પ્લાન લે આઉટ મુજબ ઝૂ બનાવવામાં આવશે.
- જામનગરની આબોહવા અને વાતાવરણ વિશ્વભરના પક્ષીઓ અને પ્રાણીઓને માફક આવે તેમ છે. જેથી આ નિર્ણય લેવાયો હતો.

## ➢ ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સના ફેલો તરીકે ડો. પંકજ જોશી ચૂંટાયા

- ભારતના એસ્ટ્રોફિઝિસ્ટ અને કોસ્મોલોજિસ્ટ તથા બ્લેક હોલના વૈજ્ઞાનિક તરીકે જાણીતા ડો. પંકજ જોશી ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સના ફેલો તરીકે ચૂંટાયા છે.
- હાલમાં ડો. પંકજ જોશી ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીમાં ફરજ બજાવી રહયા છે.
- તેઓએ અગાઉ ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચના સિનિયર પ્રોફેસર તરીકે સેવાઓ આપી હતી.
- ઈટાલી સ્થિત ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સ એ સાયન્સ અને એન્જિનિયરીંગને વધુ મજબૂત બનાવીને વિકાસશીલ દેશોમાંથી ભૂખમરો, રોગચાળો અને ગરીબી જેવા પડકારોનો સામનો કેવી રીતે કરી શકાય તેના પર કામ કરી રહયું છે.
- ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સ યુનેસ્કો (UNESCO) સાથે જોડાણ ધરાવે છે.

## ➢ ISRO SSA કંટ્રોલ સેન્ટર-NETRA

- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને (ISRO) તાજેતરમાં દેશમાં સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) પ્રવૃત્તિઓ માટે એક સમર્પિત નિયંત્રણ કેન્દ્ર સ્થાપ્યું છે, જેને 'NETRA' તરીકે ઓળખવામાં આવે છે.

  NETRA : નેટવર્ક ફોર સ્પેસ ઓબ્જેક્ટ ટ્રેકીંગ એન્ડ એનાલિસિસ.
- આ પ્રોજેકટનો ઉદ્દેશ ભારતની અવકાશ સંપત્તિનું નિરીક્ષણ, ટ્રેકીંગ અને સંરક્ષણ કરવાનો છે.
- રશિયા, યુ.એસ જેવા ખૂબ ઓછા દેશો પાસે તેમના પોતાના સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) સેન્ટર્સ છે.
- ISRO SSA કન્ટ્રોલ સેન્ટરની સ્થાપના બેંગાલુરુ ખાતેના ISTRAC કેમ્પસ ખાતે કરવામાં આવી છે.

### NETRA વિશે

- નેત્ર મૂળભૂત રીતે સેટેલાઈટની ભ્રમણકક્ષામાં ફરતાં માનવસર્જિત અને કુદરતી બંને ઓબ્જેકટ્સને ટ્રેક કરશે. આવા ઓબ્જેકટ્સના ટ્રેકીંગને 'સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ' કહેવામાં આવે છે.
- તે ટકરાવની ચેતવણી દેવા માટે વસ્તુઓને ટ્રેક કરવા માટેનું વિજ્ઞાન છે.
- નેત્રના મુખ્ય ઘટકોમાં ઓપ્ટિકલ ટેલિસ્કોપ, રડાર અને કંટ્રોલ સેન્ટરનો સમાવેશ થાય છે.
- તે ભારતની અંદર SSAની તમામ પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ DRIP-2

- <u>વિશ્વ બેંકે</u> તાજેતરમાં ભારતમાં હાલના <u>ડેમોના પ્રદર્શનમાં સુધારો કરવા</u> અને તેમની સલામતી વધારવા માટે 250 મિલિયન ડોલરની મંજૂરી આપી છે.
- બીજા ડેમ રિહેબિલિશન એન્ડ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ 'DRIP-2'ને નાણાં ફાળવવામાં આવ્યા છે.
- દેશમાં 120 ડેમોને મજબૂત બનાવવા માટે આ ફાળવાયેલ ભંડોળનો ઉપયોગ કરવામાં આવશે.

### DRIP શું છે ?

- DRIP :- <u>Dam Rehabilition and Improvement Project.</u>
- <u>વર્લ્ડ બેંકની લોન સહાયતાથી તેનો અમલ</u> કરવામાં આવી રહયો છે.
- આ પ્રોજેક્ટ <u>વર્ષ 2012માં</u> શરૂ કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટ શરૂઆતમાં <u>કર્ણાટક</u>, <u>ઝારખંડ</u>, <u>કેરળ</u>, <u>મધ્યપ્રદેશ</u>, <u>ઓડિશા</u>, <u>ઉત્તરાખંડ</u> અને <u>તમિલનાડુ</u> જેવા <u>સાત રાજ્યોમાં શરૂ કરવામાં</u> આવ્યો હતો.

  આ પ્રોજેક્ટ અંતર્ગત નીચે મુજબના ત્રણ ઘટકોનો સમાવેશ થાય છે :

(1) ડેમોનું પુનર્વસન અને સુધારણા તેમજ તેની સાથે જોડાયેલા ઉપાયો

(2) ડેમ સલામતી સંસ્થાકીય મજબૂતીકરણ

(3) પ્રોજેક્ટ મેનેજમેન્ટ

- આ પ્રોજેક્ટ હેઠળ ડેમ સલામતી મૂલ્યાંકનની નવી તકનીકોને પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### DRIP-2 પ્રોજેક્ટ વિશે

- DRIP-2 પ્રોજેક્ટ હેઠળ ડેમોની સલામતી વધારવામાં આવશે.
- આ પ્રોજેક્ટનો <u>અમલ વર્ષ 2020થી 2030ની વચ્ચે 10 વર્ષ</u> માટે કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટની દેખરેખ <u>સેન્ટ્રલ વોટર કમિશન (CWC)</u> દ્વારા કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ખર્ચ 1.5 અબજ ડોલર થશે જે પૈકી વર્લ્ડ બેંક એક અબજ ડોલરનું ભંડોળ પૂરું પાડશે.

**ICE FACT :**

- <u>ભારત ચીન અને અમેરિકા બાદ ડેમ સંચાલનમાં વિશ્વમાં ત્રીજા સ્થાન</u> પર છે.

## ➤ નેટવર્ક ફોર ગ્રિનીંગ ધ ફાયનાન્સિયલ સિસ્ટમ (NGFS)

- યુએસ ફેડરલ બેંક તાજેતરમાં જ નેટવર્ક ફોર ગ્રિનીંગ ધ ફાયનાન્સિયલ સિસ્ટમ (NGFS)માં જોડાઈ છે.
- જુલાઈ 2020માં એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) NGFSના નિરીક્ષક તરીકે જોડાઈ હતી.


### Network for Greening the Financial System (NGFS) વિશે

- NGFSની રચના વર્ષ 2017માં કરવામાં આવી હતી.
- તે પંચોતેર જેટલી કેન્દ્રીય બેંકો અને નાણાકીય સુપરવાઈઝરોનું નેટવર્ક છે.
- તેની સ્થાપના આઠ સેન્ટ્રલ બેંકો દ્વારા પેરિસ કરારના લક્ષ્યોને પહોંચી વળવા જરૂરી વૈશ્વિક પ્રતિસાદને મજબૂત બનાવવા માટે કરવામાં આવી હતી.
- NGFS સિસ્ટમનો હેતુ ગ્રીન ફાઈનાન્સને પ્રોત્સાહન આપવાનો છે.
- તે આબોહવા પરિવર્તન સામે સેન્ટ્રલ બેંકોની ભૂમિકાની ભલામણ કરે છે.
- NGFSની જાહેરાત 2017માં પેરિસમાં આયોજિત 'વન પ્લેનેટ સમિટ'માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વન પ્લેનેટ સમિટ

- ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા COP23 (Conference of the Parties)માં તેની જાહેરાત કરવામાં આવી હતી.
- પ્રથમ વન પ્લેનેટ સમિટ વર્ષ 2017માં યોજાઈ હતી.
- વન પ્લેનેટ સમિટના આયોજકો ફ્રેન્ચ સરકાર, વિશ્વ બેંક અને સંયુક્ત રાષ્ટ્ર છે.
- આગામી વન પ્લેનેટ સમિટ 11 જાન્યુઆરી, 2021ના રોજ ફ્રાન્સ દ્વારા યોજવામાં આવશે.



## ➤ સિંગાપોરની 'હોકર સંસ્કૃતિ'ને UNESCOની માન્યતા મળી

- યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) એ તાજેતરમાં **સિંગાપોર**ની **'હોકર'** સંસ્કૃતિને માન્યતા આપી છે અને તેને **અમૂર્ત સાંસ્કૃતિક વારસા (Intangible Cultural Heritage)**ની સૂચિ હેઠળ સમાવિષ્ટ કરેલ છે.
- આ યાદીમાં ચાઈનીઝ કેલીગ્રાફી, યોગા અને ફલેમેંકોનો પણ સમાવેશ થયો છે.
- સિંગાપોરની હોકર સંસ્કૃતિ **સ્ટ્રીટ ફૂડ** માટે પ્રસિદ્ધ છે.

### હોકર સેન્ટર



- સિંગાપોરના હોકર સેન્ટરમાં સ્થાનિક અને અન્ય એશિયાઈ ભોજનની વિવિધતાનો સમાવેશ થાય છે.
- તેને સિંગાપોર સરકાર દ્વારા સ્ટ્રીટ–સાઈડ આઉટડોર ડાઈનિંગ સ્થળોના વિકલ્પ તરીકે ગોઠવવામાં આવે છે.
- 1950-60ના દાયકામાં સિંગાપોરમાં ઝડપી શહેરીકરણને કારણે હોકર સેન્ટર કલ્ચરનો ઉદ્દભવ થયો હતો.
- હોકર સેન્ટરો સિંગાપોર સરકારી સંસ્થાઓની માલિકીના છે.

**ICE FACT :**

- વર્ષ 2016માં **યુનેસ્કોએ યોગાને** તેની **અમૂર્ત સાંસ્કૃતિક વારસાની સૂચિમાં** સમાવ્યા હતા.

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 19 ડિસેમ્બર (B) 20 ડિસેમ્બર (C) 21 ડિસેમ્બર (D) 22 ડિસેમ્બર **(B)**

2. જમ્મુ–કાશ્મીરમાં સામાન્ય રીતે કેટલા દિવસના તીવ્ર શિયાળાના સમયગાળાને 'ચિલ્લઈ કલાન' તરીકે ઓળખવામાં આવે છે ?
(A) 40 દિવસ (B) 15 દિવસ (C) 20 દિવસ (D) 10 દિવસ **(A)**

3. 'ચિલ્લઈ ખૂર્દ' અને 'ચિલ્લઈ બચ્ચા' શેના માટે વપરાતા પ્રચલિત શબ્દો છે ?
(A) શિયાળુ પાક
(B) જમ્મુ–કાશ્મીરની રાજ્ય રમતના શબ્દો
(C) જમ્મુ–કાશ્મીરના શિયાળાના સમયગાળાના શબ્દો
(D) જમ્મુ–કાશ્મીરના કલા અને સંસ્કૃતિના શબ્દો **(C)**

4. વિશ્વનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય ગુજરાતના કયા જિલ્લામાં બનશે ?
(A) રાજકોટ (B) અમદાવાદ (C) વડોદરા (D) જામનગર **(D)**

5. ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સના ફેલો તરીકે તાજેતરમાં કયા ભારતીય ચૂંટાઈ આવ્યા છે ?
(A) ડૉ. પંકજ ભટ્ટ (B) ડૉ. પંકજ પટેલ
(C) ડૉ. પંકજ જોશી (D) ડૉ. પંકજ શાહ **(C)**

6. ધ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સ એ કયા દેશમાં સ્થિત સંસ્થા છે ?
(A) ફ્રાન્સ (B) ઈટાલી (C) અમેરિકા (D) સ્વિટ્ઝરલેન્ડ **(B)**

7. ISRO SSA કન્ટ્રોલ સેન્ટરની સ્થાપના તાજેતરમાં કયાં કરવામાં આવી છે ?
(A) નવી દિલ્હી (B) કોઈમ્બતુર (C) બેંગાલુરુ (D) હરિકોટા **(C)**

8. ISRO એ તાજેતરમાં સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) પ્રવૃત્તિઓ માટે કયું સમર્પિત કેન્દ્ર સ્થાપ્યું છે ?
(A) કિરણ (B) દિશા
(C) નેત્ર (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

9. નીચેના પૈકી કયો દેશ પોતાનું સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) સેન્ટર ધરાવતો નથી ?
(A) ભારત (B) રશિયા (C) યુ.એસ (D) ચીન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10. DRIP-2 પ્રોજેક્ટનો અમલ કયા વર્ષ દરમિયાન કરવામાં આવશે ?**

(A) વર્ષ 2020થી 2030 વચ્ચે (B) વર્ષ 2020થી 2025 વચ્ચે

(C) વર્ષ 2020થી 2028 વચ્ચે (D) વર્ષ 2022થી 2025 વચ્ચે **(A)**

**11. Network for Greening the Financial System (NGFS)ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?**

(A) વર્ષ 2015 (B) વર્ષ 2016 (C) વર્ષ 2017 (D) વર્ષ 2018 **(C)**

**12. તાજેતરમાં 'હોકર સંસ્કૃતિ'એ UNESCOની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન મેળવ્યું છે, આ સંસ્કૃતિ કયા દેશની છે ?**

(A) થાઈલેન્ડ (B) ઝામ્બિયા (C) સ્પેન (D) સિંગાપોર **(D)**

**13. કયા વર્ષમાં યુનેસ્કોએ યોગાને તેની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની સૂચિમાં સમાવ્યા હતા ?**

(A) વર્ષ 2015 (B) વર્ષ 2016 (C) વર્ષ 2017 (D) વર્ષ 2018 **(B)**



## 21 DECEMBER, 2020 MONDAY

### ➤ 'યોગાસન'ને ભારતમાં સ્પર્ધાત્મક રમત તરીકે માન્યતા આપવામાં આવી

- **રમત-ગમત મંત્રાલયે** યોગાસનને ઔપચારિક રીતે એક 'સ્પર્ધાત્મક રમત' તરીકે માન્યતા આપી છે. ભારતની આ પ્રાચીન પ્રથાને હવે સરકારના ભંડોળનો લાભ પ્રાપ્ત થશે.
- આ યોગ અને તેના ફાયદા વિશે જાગરૂકતા ફેલાવવા અને લોકોની શારીરિક અને માનસિક સુખાકારી વધારવામાં મદદ કરશે.

### મુખ્ય બાબતો

- યોગાસનને સ્પર્ધાત્મક રમત તરીકે માન્યતા મળ્યા પછી, હવે યોગાસનને અનેક રમતોત્સવમાં મંજૂરી આપવામાં આવશે.
- **યોગ ગુરૂ શ્રી બાબા રામદેવના નેતૃત્વ** હેઠળ **ઈન્ટરનેશનલ યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન**ની રચના કરવામાં આવી હતી. ઉપરાંત, **નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન**ની સ્થાપના કરવામાં આવી હતી. જે યોગને એક સ્પર્ધાત્મક રમત તરીકે જાળવશે અને તેનો વિકાસ કરશે.
- **નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશનને રમતગમત મંત્રાલય** દ્વારા **નવેમ્બર 2020**માં **રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન** તરીકે માન્યતા આપવામાં આવી હતી.
- યોગાસનને **'ખેલો ઈન્ડિયા ગેમ્સ પ્રોગ્રામ'**માં સામેલ કરવામાં આવશે.

### ખેલો ઈન્ડિયા ગેમ્સમાં યોગાસન

- ખેલો ઈન્ડિયા ગેમ્સ અંતર્ગત રમત ગમત મંત્રાલયે **યોગાસન માટે 51 મેડલો**ની દરખાસ્ત કરી છે.
- યોગાસન રમત **7 કેટેગરીમાં** રમવામાં આવનાર છે.
- રાષ્ટ્રીય વ્યક્તિગત યોગાસન રમતગમત ચેમ્પિયનશીપની પણ દરખાસ્ત કરવામાં આવી છે. તે જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય અને વિશ્વકક્ષાએ યોજાનાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેરિટેજ (IIH)

- **કેન્દ્રીય સંસ્કૃતિ પ્રધાન શ્રી પ્રહ્‌લાદસિંહ પટેલે** તાજેતરમાં **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેરિટેજના** સ્થાપનાના પ્રસ્તાવની સમીક્ષા કરી હતી.

### ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેરિટેજ વિશે

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેરિટેજ (IIH) એ **સંસ્કૃતિ મંત્રાલય હેઠળ**ની એક પ્રસ્તાવિત સંસ્થા છે.
- **વર્ષ 2020-21ના બજેટના ભાગરૂપે** તેની જાહેરાત કરવામાં આવી હતી.
- તેની સ્થાપના **સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, 1860** અંતર્ગત કરવામાં આવશે.
- તેને **કલા અને વારસાના અધ્યયન માટે સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત** કરવામાં આવશે અને તેને **'ડીમ્ડ યુનિવર્સિટી'**નો દરજ્જો પ્રાપ્ત થશે.
- પુરાતત્વ અને સંગ્રહશાસ્ત્ર જેવા વિષયોમાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી રહી છે.

### પૃષ્ઠભૂમિ

- નાણાં પ્રધાને સંગ્રહાલય અને અન્ય ગતિવિધિઓની સ્થાપના કરવા માટે સંસ્કૃતિ મંત્રાલયને 3,150 કરોડ રૂપિયા ફાળવ્યા છે.
- આ સંસ્થાની સાથે નાણાં પ્રધાને **ઝારખંડના રાંચીમાં આદિવાસી સંગ્રહાલય** બનાવવાની પણ દરખાસ્ત કરી છે.
- ઉપરાંત, આ ભંડોળનો ઉપયોગ **હસ્તિનાપુર**, **રાખીગઢી**, **શિવસાગર**, **અદિચનલ્લુર અને ધોળાવીરા** જેવી **પાંચ આઈકોનિક સાઈટ્સના વિકાસ** માટે કરવામાં આવશે.

### રાખીગઢી

- રાખીગઢી **હરિયાણા**માં આવેલું છે. તે **હડપ્પન સંસ્કૃતિના પાંચ નગરોમાંનું** એક છે.
- અહીં **હડપ્પન સંસ્કૃતિની લગભગ 62 કબરો** મળી આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હસ્તિનાપુર

- હસ્તિનાપુર <u>ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં</u> સ્થિત છે.
- આ સાઈટ પર કરવામાં આવેલી સૌથી મહત્ત્વપૂર્ણ શોધ એ અહીંનો <u>સિરામિક ઉદ્યોગ</u> હતો. તેનું નામ <u>પેઈન્ટેડ ગ્રે વેર</u> રાખવામાં આવ્યું હતું અને તેનો <u>પ્રારંભ ઈન્ડો-આર્યન</u> દ્વારા કરવામાં આવ્યો હતો.

## શિવ સાગર

- આ સ્થળ પર ખોદકામ વર્ષ 2007-08માં કરવામાં આવ્યું હતું.
- આ સ્થળ પર વાસણો, બાઉલ, ડીશ, ટેરાકોટા જેવા માળખાગત અવશેષો પ્રાપ્ત થયા હતાં.
- આ સ્થળ <u>આસામમાં</u> સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ધોળાવીરા

- ધોળાવીરા <u>ગુજરાતના કચ્છ જિલ્લામાં</u> આવેલ સ્થળ છે.
- તત્કાલિન સમયની પાણીની વ્યવસ્થા માટે આ સ્થળ અનન્ય છે.
- તે હડપ્પન સભ્યતાનું સ્થળ છે.

## અદિચનલ્લુર

- અદિચનલ્લુર <u>તમિલનાડુ રાજ્યમાં</u> સ્થિત છે.
- આ સ્થળ પર <u>તમિલ-બ્રાહ્મી સ્ક્રિપ્ટ</u> મળી આવી હતી.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ IND-INDO CORPATની 35મી આવૃત્તિ

- ભારતીય નૌકાદળ અને ઈન્ડોનેશિયન નૌકાદળ વચ્ચે 'ઈન્ડિયા-ઈન્ડોનેશિયા કોઓર્ડિનેટેડ પેટ્રોલ (IND-INDO CORPAT)'ની 35મી આવૃત્તિ 17 થી 18 ડિસેમ્બર, 2020 દરમિયાન યોજવામાં આવી હતી.
- ઈન્ડિયન નેવલ શિપ કુલીશ, સ્વદેશ નિર્મિત મિસાઈલ કોર્વેટ અને P8I મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ (MPA) એ આ કવાયતમાં ભાગ લીધો હતો.
- આ કવાયતમાં ગેરકાયદેસર અનિયંત્રિત ફિશિંગ, ડ્રગની હેરાફેરી, દરિયાઈ આતંક જેવા મુદ્દાઓ અટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

### IND-INDO CORPAT વિશે

- ભારતીય નૌકાદળ અને ઈન્ડોનેશિયન નૌકાદળ દ્વારા વર્ષ 2002થી તેમની આંતરરાષ્ટ્રીય દરિયાઈ બાઉન્ડ્રી લાઈન પર CORPAT કવાયત હાથ ધરવામાં આવી રહી છે.
- આ ક્ષેત્રમાં શિપિંગ અને આંતરરાષ્ટ્રીય વેપારની સલામતી સુનિશ્ચિત કરવાના હેતુથી આ કવાયત હાથ ધરવામાં આવી રહી છે.
- આ કવાયત ગેરકાયદેસર અનિયંત્રિત માછીમારી, શસ્ત્ર લૂંટ, દરિયાઈ આતંક, ચાંચિયા વગેરેને અટકાવવામાં મદદ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પૃષ્ઠભૂમિ : SAGAR પહેલ

- ભારત સરકાર SAGAR વિઝન હેઠળ હિંદ મહાસાગર ક્ષેત્રમાં આ ક્ષેત્રના વિવિધ દેશો સાથે કોઓર્ડિનેટેડ પેટ્રોલ અને મલ્ટિ–લેટરલ કવાયતોનું આયોજન કરે છે.

  SAGAR : 'Security and Growth for All in the Region'

**ICE FACT :**

- 5 જૂનને ગેરકાયદેસર અને અનિયંત્રિત માછીમારી સામે લડતના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ચાર સ્વદેશી રમતોનો 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ 2021'માં સમાવેશ થશે

- કેન્દ્ર સરકારે ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2021માં ચાર સ્વદેશી રમતોનો સમાવેશ કરવાની મંજૂરી આપી હતી.
- આ ચાર સ્વદેશી રમતો–ગટકા, કલારીપયટ્ટુ, થાંગ-તા અને મલખંબ છે.
- **ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2021**નું આયોજન **હરિયાણામાં** થવાનું છે.

### કલારીપયટ્ટુ

- કલારીપયટ્ટુ **કેરળના માર્શલ આર્ટ**નું સ્વરૂપ છે.
- **આ માર્શલ આર્ટમાં ઘણી ટેક્નીકોનો સમાવેશ થાય છે જેમ કે ;**

**મચિપયટ્ટુ :** શારીરિક વ્યાયામ

**વાદીપયટ્ટુ :** લાઠીનો ઉપયોગ કરીને લડવું

**વલયાટ્ટુ :** તલવારનો ઉપયોગ

**વરૂમિપિપરેગા :** ખુલ્લા હાથનો વ્યાયામ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### થાંગ-તા

- થાંગ–તા **મણિપુરનું માર્શલ આર્ટ**નું સ્વરૂપ છે.
- આ માર્શલ આર્ટમાં **તલવાર** અને **ભાલાનો ઉપયોગ** કરવામાં આવે છે.

### ગટકા

- ગટકા **પંજાબનું** પારંપારિક **માર્શલ આર્ટ સ્વરૂપ** છે.
- ગટકાનો ઉપયોગ **નિહંગ શિખ યોદ્ધાઓ દ્વારા આત્મરક્ષા** માટે કરવામાં આવ્યો હતો.

### મલખંબ

- મલખંબ **મધ્યપ્રદેશ** અને **મહારાષ્ટ્રની** પારંપરિક રમત છે.
- તે **મધ્યપ્રદેશની રાજ્ય રમત** છે.
- આ રમત દરમિયાન રમતવીરો દ્વારા પોલનો ઉપયોગ કરવામાં આવે છે.

ICE ? Questions

1. ભારતમાં તાજેતરમાં કઈ રમતને સ્પર્ધાત્મક રમત તરીકે માન્યતા આપવામાં આવી હતી ?
(A) લુડો (B) યોગાસન (C) સ્કાઈ જમ્પિંગ (D) બળદ લડાઈ **(B)**

2. ખેલો ઈન્ડિયા ગેમ્સમાં યોગાસનની રમત કેટલી કેટેગરીમાં રમવામાં આવનાર છે ?
(A) 6 (B) 8 (C) 7 (D) 9 **(C)**

3. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હેરિટેજ (IIH) વિશે ખોટું વિધાન જણાવો ?
(A) IIH એ સંસ્કૃતિ મંત્રાલય હેઠળની એક પ્રસ્તાવિત સંસ્થા છે.
(B) વર્ષ 2020-21ના બજેટના ભાગરૂપે IIHની જાહેરાત કરવામાં આવી હતી.
(C) IIHની સ્થાપના સોસાયટીઝ રજિસ્ટ્રેશન એકટ, 1952 અંતર્ગત કરવામાં આવશે.
(D) IIHને કલા અને વારસાના અધ્યયન માટે સેન્ટર ઓફ એકસેલન્સ તરીકે સ્થાપવામાં આવશે. **(C)**

4. તાજેતરમાં કેન્દ્રની પાંચ આઈકોનિક સાઈટ્સ માટે પસંદગી પામેલ શિવસાગર સ્થળ કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) મણિપુર (C) આંધ્રપ્રદેશ (D) આસામ **(D)**

5. IND-INDO CORPATની તાજેતરમાં કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) 35 (B) 36 (C) 32 (D) 37 **(A)**

6. ગેરકાયદેસર અને અનિયંત્રિત માછીમારી સામે લડતના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 જુલાઈ (B) 5 જૂન (C) 5 મે (D) 5 ઓગસ્ટ **(B)**

7. કેન્દ્ર સરકારે ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2021માં નીચેના પૈકી કઈ સ્વદેશી રમતનો સમાવેશ કર્યો નથી ?
(A) કલારીપયટ્ટુ (B) થાંગ–તા (C) ગટકા (D) મયિપયટ્ટુ **(D)**

8. કલારીપયટ્ટુ કયા રાજ્યનું માર્શલ આર્ટનું સ્વરૂપ છે ?
(A) તમિલનાડુ (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) મણિપુર **(B)**

9. થાંગ–તા કયા રાજ્યનું માર્શલ આર્ટનું સ્વરૂપ છે ?
(A) કેરળ (B) પંજાબ (C) મધ્યપ્રદેશ (D) મણિપુર **(D)**

10. મધ્યપ્રદેશની રાજ્ય રમત કઈ છે ?
(A) મલખંબ (B) થાંગ–તા (C) કલારીપયટ્ટુ (D) ગટકા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathematics Day)

ભારતમાં દર વર્ષે 22 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.



- ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી એસ. રામાનુજનની યાદમાં તેમનો જન્મદિન ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો.
- શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતી નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહનસિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2012થી ભારતમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**ICE FACT**

(1) આ ઉપરાંત ડો. મનમોહનસિંહે કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2012ની ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે પણ ઉજવણી કરવામાં આવી હતી.

(2) વર્ષ 2020નો યુવા ગણિતશાસ્ત્રીઓ માટેનો રામાનુજન પુરસ્કાર ડો. કેરોલિના અરાજુઓને એનાયત કરવામાં આવ્યો છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ધોલેરામાં ગુજરાત-સ્પેશિયલ એજ્યુકેશન રિજીયન (G-SER) સ્થાપિત કરવા માટે સેરેસ્ટ્રા ગ્રૂપ સાથે ગુજરાત સરકારે એમ.ઓ.યુ. કર્યા

- ગુજરાત સરકારના મહત્ત્વપૂર્ણ ફ્લેગશીપ પ્રોજેક્ટ ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન (DSIR)માં વિશ્વ સ્તરીય એજ્યુકેશનલ સ્પેશિયલ રિજીયનની સ્થાપના માટેના એમ.ઓ.યુ. ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.
- સેરેસ્ટ્રા વેન્ચર્સ ભારતનું સૌથી મોટું શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ છે. જે ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરીને ધોલેરામાં સ્પેશિયલ એજ્યુકેશન રિજીયન સ્થાપિત કરશે.
- આ કંપની હૈદરાબાદ સ્થિત છે. અને તે શિક્ષણ અને લાઈફ સાયન્સિસ સાથે સંકળાયેલા રોકાણ, બાંધકામ અને મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલી છે.
- ધોલેરા પહેલું ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર છે, જે ઈન્ડસ્ટ્રીયલ 4.0 ઉત્પાદનને ટેકો આપવા માટે નિર્માણ પામી રહયું છે.

## ગુજરાત-સ્પેશિયલ એજ્યુકેશન રિજીયન (G-SER)

- ગુજરાત સ્પેશિયલ એજ્યુકેશન રિજીયન (G-SER) 1,000 એકરમાં એજ્યુકેશન હબ તરીકે વિકસિત થશે અને તે ભવિષ્યમાં 5,000 એકર સુધીમાં યુનિવર્સિટી ડિસ્ટ્રીકટ, સ્કૂલ ડિસ્ટ્રીકટ અને ઈનોવેશન ડિસ્ટ્રીકટ તરીકે વિકસિત થવાની ક્ષમતા પણ ધરાવે છે.
- તેમાં વિદ્યાર્થીઓ માટે રહેણાંક, રમતગમતના કોમ્પલેક્ષ વગેરેની સુવિધાઓ વિકસિત કરવામાં આવશે.
- વિશ્વના કોઈપણ શૈક્ષણિક એકમ સાથે સ્પર્ધા કરવા માટે G-SER સક્ષમ હશે.

## ➤ ગુજરાતમાં વધુ નવા જળ માર્ગ પર રો-પેક્સ, રો-રો ફેરી સર્વિસ શરૂ થશે

ભારત સરકારના **'સાગરમાલા કાર્યક્રમ'** હેઠળ દરિયાઈમાર્ગે જહાજ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે તથા દરિયાકિનારા સ્થિત ભારતના મુખ્ય શહેરોમાંથી આંતરિક જળમાર્ગ દ્વારા ફેરી સેવાઓની શરૂઆત કરવાના આશયથી **હજીરા, ઓખા, સોમનાથ, દીવ, પીપાવાવ, દહેજ, મુંબઈ-જેએનપીટી, જામનગર, કોચી, ઘોઘા, ગોવા, મુન્દ્રા** અને **માંડવી** જેવા બંદરોની પસંદગી કરાઈ છે.

- આ ઉપરાંત **ચટ્ટોગ્રામ (બાંગ્લાદેશ), સેશેલ્સ (પૂર્વ આફ્રિકા), માડાગાસ્કર (પૂર્વ આફ્રિકા)** અને **જાફના (શ્રીલંકા) એમ 4 આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડવા ભારતીય મુખ્ય દરિયાઈ શહેરોમાંથી 6 આંતરરાષ્ટ્રીય જળ માર્ગને** પણ પસંદ કરાયા છે.
- **સાગરમાલા ડેવલપમેન્ટ કંપની લિમિટેડ** દ્વારા **કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે** સમગ્ર દેશમાં વિવિધ રૂટ ઉપર રો–રો, રો–પેક્સ અને ફેરી સેવાઓનું સંચાલન કરવા કંપનીઓને સુવિધા આપવા તથા પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય બનાવવા જરૂરી ટેકો પ્રદાન કરવાનું નક્કી કર્યું છે.
- કેન્દ્રીય મંત્રાલયે તાજેતરમાં હજીરા અને ઘોઘા વચ્ચે રો–પેક્સ જહાજ ફેરી સર્વિસ શરૂ કરીને આ પ્રકારની ફેરી રૂટ પૈકીના એક રૂટનો સફળતાપૂર્વક અમલ કર્યો છે. આ ફેરી સેવાથી ઘોઘા અને હજીરા વચ્ચેનું 370 કિ.મી.નું અંતર ઘટીને 90 કિ.મી. થયું છે. પ્રવાસનો સમય 10 થી 12 કલાકથી ઘટીને આશરે 5 કલાક થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ E20 ફ્યુઅલ શું છે ?

ઈથેનોલ જેવા ગ્રીન ફ્યુઅલને પ્રોત્સાહન આપવા ભારત સરકારે તાજેતરમાં E20 ફ્યુઅલ રજૂ કર્યું છે.

- માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલયે તાજેતરમાં એક ડ્રાફ્ટ પ્રકાશિત કરીને E20 ફ્યુઅલ અપનાવવા લોકોના સૂચનો આમંત્રિત કર્યા હતા.
- કેન્દ્ર સરકાર આગામી 5 વર્ષમાં ઈથેનોલ અર્થવ્યવસ્થાને 2 લાખ કરોડ રૂપિયા સુધી લઈ જવા ઈચ્છુક હોવાથી આ કરવામાં આવી રહ્યું છે. હાલમાં, ભારતની ઈથેનોલ અર્થવ્યવસ્થા 22 હજાર કરોડ રૂપિયા સુધીની છે.

### E20 શું છે ?

- E20માં પેટ્રોલની સાથે 20% ઈથેનોલનું મિશ્રણ હોય છે.
- હાલમાં ભારતમાં પેટ્રોલની અંદર ઈથેનોલના મિશ્રણનું અનુમાતિસ્તર 10% સુધીનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### જૈવ-ઈંધણને પ્રોત્સાહન આપવા ભારત સરકારની પહેલો

ધ નેશનલ બાયોફ્યુઅલ કોઓર્ડિનેશન કમિટીએ ભારતના ફૂડ કોર્પોરેશન પાસે ઉપલબ્ધ સરપ્લસ ચોખાને ઈથેનોલમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપી છે. આનો ઉપયોગ આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઈઝર બનાવવા અને પેટ્રોલ સાથે મિશ્રણ કરવા માટે થશે.

- EBP (ઈથેનોલ બ્લેન્ડેડ પ્રોગ્રામ)ની શરૂઆત વર્ષ 2003માં પેટ્રોલમાં ઈથેનોલના સંમિશ્રણ માટે કરવામાં આવી હતી.
- EBPનો હેતુ અશ્મિભૂત બળતણ સળગાવવાને કારણે થતી પર્યાવરણીય સમસ્યાઓ દૂર કરવી, ક્રૂડની આયાત ઘટાડવી, ખેડૂતોની આવક વધારવી તેમજ વિદેશી હૂંડિયામણની બચત કરવાનો છે.
- વર્ષ 2018માં બાયોફ્યુઅલ પર રાષ્ટ્રીય નીતિ રજૂ કરવામાં આવી હતી.

### E20ના ફાયદાઓ

- તે વાહનોના ઉત્સર્જનને ઘટાડે છે.
- તે તેલની આયાત ઓછી કરે છે. તેથી દેશની ઊર્જા સુરક્ષાને વધારવા માટે જરૂરી વિદેશી હૂંડિયામણની બચત થાય છે.

### પડકાર

- પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણની ટકાવારી સાથે વાહનોની સુસંગતતા એ મુખ્ય પડકાર છે.

## ➤ પાવર સેક્ટરમાં કૌશલ્ય વિકાસ માટેનું પ્રથમ સેન્ટર ઓફ એક્સેલન્સ

- 'સ્કિલ ઈન્ડિયા'એ તાજેતરમાં પાવર સેક્ટરમાં કૌશલ્ય વિકાસ માટે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.
- આ કેન્દ્ર કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય, રાષ્ટ્રીય શિક્ષણ અને યુવા મંત્રાલય (ફ્રાન્સ સરકાર) અને સ્નેડર ઈલેક્ટ્રિક વચ્ચે સહયોગનું પરિણામ છે.
- આ કેન્દ્રની સ્થાપના હરિયાણાના ગુરુગ્રામમાં સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલર એનર્જીના કેમ્પસમાં કરવામાં આવી છે.
- આ કેન્દ્ર સૌર ઊર્જા અને પાવર ઊર્જાના ક્ષેત્રમાં પ્રશિક્ષકો, પ્રશિક્ષકો માટે પ્રશિક્ષણ ડિઝાઈનો વગેરે પૂરી પાડશે.
- સોલર તકનીકોની આધુનિક શ્રેષ્ઠ તાલીમ આ કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવશે.
- પાવર સેક્ટર સ્કિલ કાઉન્સિલ આ કેન્દ્રની કામગીરીનું સંચાલન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સ્કિલ ઈન્ડિયા મિશન

- સ્કિલ ઈન્ડિયા મિશનની શરૂઆત વર્ષ 2015માં કરવામાં આવી હતી.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2022 સુધીમાં 40 કરોડથી વધુ લોકોને બજાર સંબંધિત કુશળતા પ્રદાન કરવાનો છે.
- તેનાથી ભારતીય યુવાનોમાં પ્રતિભા વિકસાવવામાં મદદ મળી રહી છે.

## ➤ E5 સિરીઝ શિંકનસેન

જાપાની દૂતાવાસે તાજેતરમાં જ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રથમ ઝલક રજૂ કરી હતી.



- E5 સિરીઝ શિંકનસેન ટ્રેનોનો ઉપયોગ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે કરવામાં આવનાર છે.
- આ પ્રોજેક્ટ વર્ષ 2023 સુધીમાં પૂર્ણ થવાનો છે. E5 સિરીઝ શિંકનસેન હાઈસ્પીડ જાપાની ટ્રેનો છે.

### મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (MAHSR) પ્રોજેક્ટ

- MAHSR એ 508 કિલોમીટરનો પ્રોજેક્ટ છે.
- નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા તેને ચલાવવામાં આવી રહયો છે.
- આ પ્રોજેક્ટને આર્થિક અને તકનીકી સહાય જાપાની સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.
- આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત 1,08,000 કરોડ રૂપિયા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### E5 સિરીઝ શિંકનસેન ટ્રેન વિશે

- E5 સિરીઝ શિંકનસેન ટ્રેન પૂર્વ જાપાન રેલ્વે કંપની દ્વારા સંચાલિત હાઈસ્પીડ ટ્રેન છે.
- ટ્રેનની ગતિ 320 કિ.મી./કલાકની છે. જોકે, તે 400 કિ.મી./કલાકની ગતિ પ્રાપ્ત કરવામાં પણ સક્ષમ છે.
- આ ટ્રેનમાં ઈલેક્ટ્રિક એક્ટિવ સસ્પેન્શન આપવામાં આવ્યું છે.
- એક્ટિવ સસ્પેન્શન એ ઓટોમોટિવ સસ્પેન્શન છે જે વાહનોના પૈડાની ઊભી ગતિ (Verticle Movement)ને નિયંત્રિત કરે છે.

ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'રાષ્ટ્રીય ગણિત દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?<br>(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 25 ડિસેમ્બર | (A) |
| 2. | શ્રી નિવાસ રામાનુજનનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?<br>(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) કેરળ | (B) |
| 3. | કયા વર્ષની ઉજવણી 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે કરવામાં આવી હતી ?<br>(A) વર્ષ 2011 (B) વર્ષ 2012 (C) વર્ષ 2013 (D) વર્ષ 2014 | (B) |
| 4. | તાજેતરમાં ગુજરાત સ્પેશિયલ એજ્યુકેશન રિજીયન (G-SER) કયાં સ્થાપવા માટે ગુજરાત સરકારે સેરેસ્ટ્રા ગ્રૂપ સાથે MOU કર્યા ?<br>(A) અમદાવાદ (B) ધોરડો (C) વડોદરા (D) ધોલેરા | (D) |
| 5. | સેરેસ્ટ્રા ગ્રૂપ કંપની ભારતમાં કયાં સ્થિત છે ?<br>(A) બેંગાલુરુ (B) ચેન્નાઈ (C) હૈદરાબાદ (D) કોલકાતા | (C) |
| 6. | E-20 ફ્યુઅલમાં પેટ્રોલની સાથે શેનું મિશ્રણ કરવામાં આવે છે ?<br>(A) ઈથેનોલ (B) મિથેનોલ (C) પ્રોપેનોલ (D) મિથેન | (A) |
| 7. | E20 ફ્યુઅલમાં પેટ્રોલની સાથે કેટલા ટકા ઈથેનોલનું મિશ્રણ હોય છે ?<br>(A) 10% (B) 5% (C) 8% (D) 20% | (D) |
| 8. | બાયોફ્યુઅલ પર રાષ્ટ્રીય નીતિ કેન્દ્ર સરકારે કયા વર્ષમાં રજૂ કરી હતી ?<br>(A) વર્ષ 2015 (B) વર્ષ 2016 (C) વર્ષ 2017 (D) વર્ષ 2018 | (D) |
| 9. | પાવર સેકટરમાં કૌશલ્ય વિકાસ માટેનું પ્રથમ સેન્ટર ઓફ એકસેલન્સ કેન્દ્ર સરકારે તાજેતરમાં કયાં સ્થાપ્યું હતું ?<br>(A) ચંદીગઢ (B) દહેરાદૂન (C) ગુરૂગ્રામ (D) પટના | (C) |
| 10. | E5 સિરીઝ શિંકનસેન ટ્રેનની ટેક્નોલોજી ભારત કયા દેશ પાસેથી મેળવશે ?<br>(A) ફ્રાન્સ (B) જાપાન (C) ઈટાલી (D) અમેરિકા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 23 DECEMBER, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિન

ભારતમાં દર વર્ષે 23 ડિસેમ્બર 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

### ભારતમાં 23 ડિસેમ્બરના રોજ શા માટે કિસાન દિન ઉજવાય છે ?

- ભારતમાં શ્રી ચૌધરી ચરણસિંહની યાદમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણસિંહ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણસિંહનો જન્મ 23 ડિસેમ્બર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના નૂરપુર ખાતે થયો હતો.
- આથી, તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી ચૌધરી ચરણસિંહ

શ્રી ચૌધરી ચરણસિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી 1980 દરમિયાન જનતા પાર્ટી સરકારમાં ભારતના પાંચમા વડાપ્રધાન હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજી દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવનરામ સાથે ભારતના ત્રીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહમંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

### શ્રી ચૌધરી ચરણસિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો

શ્રી ચૌધરી ચરણસિંહના કારણે જ 1 જુલાઈ, 1952ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે 1954માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.

- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં <u>'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક'</u> <u>'NABARD'</u>ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

## શ્રી ચૌધરી ચરણસિંહના પ્રસિદ્ધ પુસ્તકો

શ્રી ચૌધરી ચરણસિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે:

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી– ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્ઝ કોઝ એન્ડ ક્યોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસરે

(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસરે

(5) અબોલિશન ઓફ જમીનદારી

(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

## NABARD

- NABARDનું પૂરું નામ <u>'National Bank for Agriculture and Rural Development'</u>

સ્થાપના : <u>12 જુલાઈ, 1982</u>

મુખ્યમથક : <u>મુંબઈ</u>

- નાબાર્ડ એ <u>ભારતની સર્વોચ્ચ Development Financial Institution</u> છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવા તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડએ <u>Development Financial Institution (DFI)નું Status</u> ધરાવતી <u>ભારતની એકમાત્ર સંસ્થા</u> છે.
- <u>શ્રી બી. સિવરામન સમિતિની</u> ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં <u>'નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એકટ, 1981'</u> લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- આથી, નાબાર્ડ એ <u>ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE FACT :**

- દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણસિંહનું સમાધિ સ્થળ **'કિસાન ઘાટ'** તરીકે ઓળખાય છે.
- **ઉત્તરપ્રદેશના લખનૌ** ખાતે આવેલું ઈન્ટનેશનલ એરપોર્ટ **ચૌધરી ચરણસિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ** તરીકે ઓળખાય છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અમેરિકાના લિજન ઓફ મેરિટ પુરસ્કારથી સન્માનિત કરાયા

- **અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ** દ્વારા વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીને** **ચીફ કમાન્ડર ઓફ ધ લિજન ઓફ મેરિટથી સન્માનિત** કરવામાં આવ્યા હતા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા **કૂટનીતિક સંબંધોને મજબૂત** બનાવવા માટે થયેલા પ્રયાસો બદલ **સર્વોચ્ચ મિલિટરી સન્માનથી સન્માનિત** કરવામાં આવ્યા હતા.
- ભારતના **રાજદૂત તરણજિતસિંહ સંધૂએ** આ સન્માન સ્વીકાર્યું હતું.
- પીએમ મોદીની સાથે સાથે **જાપાનના પૂર્વ પીએમ શિન્જો આબે** અને **ઓસ્ટ્રેલિયાના પીએમ સ્કોટ મોરિસનને** પણ આ સન્માન આપવામાં આવ્યું છે.
- અમેરિકી સંસદ દ્વારા **20 જુલાઈ, 1942માં લિજન ઓફ મેરિટ મેડલ આપવાની શરૂઆત** કરવામાં આવી હતી.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેળવેલા વિશ્વના વિવિધ દેશોના પુરસ્કાર**

| વર્ષ | પુરસ્કાર | દેશ |
|---|---|---|
| 2016 | ઓર્ડર ઓફ અબ્દુલ અઝીઝઅલ સઉદ | સાઉદી આરબ |
| 2016 | ગાજી અમીર અમાનુલ્લાહખાન પુરસ્કાર | અફઘાનિસ્તાન |
| 2018 | ગ્રાન્ડકલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડ | પેલેસ્ટાઈન |
| 2019 | ઓર્ડર ઓફ ધ ઝાયદ એવોર્ડ | યુએઈ |
| 2019 | ઓર્ડર ઓફ ધ સેન્ટ એન્ડ્રુ | રશિયા |
| 2019 | ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્વિશ્ડ રૂલ | માલદીવ |
| 2020 | લિજન ઓફ મેરિટ | અમેરિકા |

### લિજન ઓફ મેરિટ પુરસ્કાર

- આ સંયુક્ત રાજ્ય અમેરિકાના સશસ્ત્ર દળોનો એક સૈન્ય પુરસ્કાર છે.
- તે અમેરિકી સૈન્ય પુરસ્કારોનો સાતમો સર્વોચ્ચ પુરસ્કાર છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ કૃષ્ણા ગોદાવરી બેસિનનું R-કલસ્ટર

- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બ્રિટિશ પેટ્રોલિયમ દ્વારા તાજેતરમાં R-કલસ્ટરમાંથી ગેસનું ઉત્પાદન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- R-કલસ્ટર એશિયાનું સૌથી ઊંડું ઓફ-શોર ગેસ ક્ષેત્ર છે.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બ્રિટિશ પેટ્રોલિયમ દ્વારા સંયુક્ત રીતે વિકસિત ત્રણ ઊંડા પાણીના ગેસ પ્રોજેક્ટમાંથી તે પ્રથમ છે.

### R-કલસ્ટર શું છે ?

- R-કલસ્ટર એક ઓફ-શોર ગેસ ક્ષેત્ર છે. જે કૃષ્ણા ગોદાવરી બેસિનના KG-D6 બ્લોકનો એક ભાગ છે.
- આ બ્લોકમાં અન્ય બે ડીપ વોટર ગેસ પ્રોજેક્ટ્સ સેટેલાઈટ કલસ્ટર અને એમ જે ગેસ ક્ષેત્ર આવેલા છે.
- R-કલસ્ટર એશિયાનું સૌથી ઊંડું ઓફ–શોર ગેસ ક્ષેત્ર છે. અને ત્યાં 12.9 MMSCMSD સુધી ટોચનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. જે હાલમાં ભારતના કુદરતી ગેસના આઉટપુટનો 10% છે.
- બ્રિટિશ પેટ્રોલિયમ અને રિલાયન્સ ઈન્ડિયા લિમિટેડ આ ત્રણ ક્ષેત્રો પર સંયુકત રીતે 40,000 કરોડનું રોકાણ કરશે.
- સેટેલાઈટ કલસ્ટર વર્ષ 2021-22માં ઉત્પાદન શરૂ કરશે.
- આ ત્રણેય પ્રોજેક્ટ્સ પ્રાકૃતિક ગેસના ઘરેલું ઉત્પાદનને વધારશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE FACT :**

- ભારતમાં પ્રથમ કુદરતી ગેસ ભંડારની શોધ વર્ષ 1889માં આસામના દિગ્બોઈમાં થઈ હતી.



## ➢ છઠ્ઠું ભારત-જાપાન સંવાદ સંમેલન

- **<u>વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ** તાજેતરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા **<u>છઠ્ઠા ભારત-જાપાન સંવાદ સંમેલન</u>ને** સંબોધ્યું હતું.
- આ સંબોધન દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરંપરાગત બૌદ્ધ સાહિત્ય અને શાસ્ત્રોનું પુસ્તકાલય બનાવવાની દરખાસ્ત કરી હતી. આ પુસ્તકાલય વિવિધ દેશોના બૌદ્ધ સાહિત્યની ડિજિટલ નકલો એકત્રિત કરશે.
- તે બૌદ્ધ ધર્મના તમામ અનુયાયિઓ અને વિદ્વાનો માટે તેનો અનુવાદ મુકતપણે ઉપલબ્ધ કરાવશે.
- છઠ્ઠા ભારત–જાપાન સંવાદ સંમેલનનો ઉદ્દેશ એશિયામાં અહિંસા અને લોકતંત્રની પરંપરાઓના આધાર પર ભવિષ્યના એશિયાના નિર્માણની આવશ્યકતા પર ચર્ચા કરવાનો હતો.
- **<u>પ્રથમ ભારત-જાપાન સંવાદ સંમેલનનું</u>** આયોજન **<u>નવી દિલ્હી ખાતે</u>** કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ વિશ્વનું સૌથી મોટું રેડિયો ટેલિસ્કોપ 'Five Hundred Meter Aperture Spherical Telescope'


- તાજેતરમાં **<u>અરેસિબો ટેલિસ્કોપ (પ્યૂર્ટોરિકા)</u>**ના પતન પછી, ચીન આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકો માટે તેનું વિશ્વનું સૌથી મોટું રેડિયો ટેલિસ્કોપ ખુલ્લું મૂકી રહયું છે.
- આ રેડિયો ટેલિસ્કોપનું નામ **<u>'Five Hundred Meter Aperture Spherical Telescope'</u>** છે.

### Five Hundred Meter Aperture Spherical Telescope (FAST) વિશે

- **FAST**નું નિર્માણ **<u>વર્ષ 2016માં પૂર્ણ</u>** થયું હતું.
- આ ટેલિસ્કોપ **175** મિલિયન ડોલરના ખર્ચે બનાવવામાં આવ્યું હતું.
- તે ચીનના **<u>દાવોદંગ ડિપ્રેશનમાં</u>** સ્થિત છે. દાવોદંગ ડિપ્રેશનએ દક્ષિણ–પશ્ચિમ ચીનના ગુઈઝહોમાં એક કુદરતી બેસિન છે.
- આ ટેલિસ્કોપને **<u>'આઈ ઓફ હેવન'</u>** અથવા **<u>'તિયાનયાન'</u>** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ટેલિસ્કોપમાં **500**–મીટર વ્યાસની પ્રતિબિંબિત સપાટી છે. જોકે, એક સમયે ફકત **300** મીટર વ્યાસના વર્તુળનો ઉપયોગ કરી શકાય છે.

## FAST ટેલિસ્કોપના ઉદ્દેશો

- **FASTના વૈજ્ઞાનિક ઉદ્દેશો નીચે મુજબ છે :**
  - પલ્સર અવલોકનો
  - વિશાળ સ્કેલના તટસ્થ હાઈડ્રોજનનો સર્વે
  - ઈન્ટરસ્ટેલર મોલેક્યુલ્સની તપાસ
  - પલ્સર ટાઈમિંગ એરે
  - ઈન્ટરસ્ટેલર કમ્યુનિકેશન સિગ્નલો શોધવા.

ICE Questions

1. 'કિસાન દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર **(B)**

2. શ્રી ચૌધરી ચરણસિંહ વિશે ખોટું વિધાન જણાવો ?
(A) તેઓ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
(B) તેમના જન્મદિન 23 ડિસેમ્બરને ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવવામાં આવે છે.
(C) તેઓએ NABARDની સ્થાપનામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.
(D) તેમનું સમાધિસ્થળ 'કિસાન ઘાટ' લખનૌ ખાતે આવેલું છે. **(D)**

3. NABARD વિશે ખોટું વિધાન જણાવો ?
(A) સ્થાપના : 12 જુલાઈ, 1982
(B) મુખ્યમથક : નવી દિલ્હી
(C) નાબાર્ડએ Development Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
(D) શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી. **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'લિજન ઓફ મેરિટ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા, આ પુરસ્કાર કયા દેશ દ્વારા આપવામાં આવ્યો હતો ?
(A) રશિયા (B) ઈઝરાયેલ (C) બ્રિટન (D) અમેરિકા **(D)**

5. વર્ષ 2019માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ઓર્ડર ઓફ ધ ઝાયદ' એવોર્ડ કયા દેશ દ્વારા આપવામાં આવ્યો હતો ?
(A) યુએઈ (B) સાઉદી આરબ (C) રશિયા (D) પેલેસ્ટાઈન **(A)**

6. ભારતમાં પ્રથમ કુદરતી ગેસ ભંડારની શોધ કયા રાજ્યમાં થઈ હતી ?
(A) આસામ (B) અરૂણાચલપ્રદેશ (C) મણિપુર (D) પશ્ચિમ બંગાળ **(A)**


7. R-કલસ્ટર એક ઓફ–શોર ગેસ ક્ષેત્ર છે જે કૃષ્ણા ગોદાવરી બેસિનના કયા બ્લોકનો એક ભાગ છે ?
(A) KG-B6 (B) KG-C6 (C) KG-D6 (D) KG-A6 **(C)**

**8.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેટલામા ભારત–જાપાન સંવાદ સંમેલનને સંબોધ્યું હતું ?

(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમા (D) આઠમા **(B)**

**9.** Five Hundred Meter Aperture Spherical Telescope (FAST) નામનું વિશ્વનું સૌથી મોટું રેડિયો ટેલિસ્કોપ કયા દેશ દ્વારા ખુલ્લું મૂકવામાં આવ્યું હતું ?

(A) રશિયા (B) અમેરિકા (C) જાપાન (D) ચીન **(D)**



## 24 DECEMBER, 2020 THURSDAY

## ➢ દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day)

ભારતમાં દર વર્ષે 24 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં Consumer Protection Act, 1986 (અથવા તો ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986)ના અમલને ભારતની ગ્રાહક સુરક્ષા ચળવળમાં ઐતિહાસિક સિમાચિહ્ન માનવામાં આવે છે.
- ભારતમાં ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986ને રાષ્ટ્રપતિ દ્વારા 24 ડિસેમ્બર, 1986ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.
- આથી, આ એક્ટને 24 ડિસેમ્બરના રોજ મંજૂરી મળી હોવાથી ભારતમાં 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2020ની રાષ્ટ્રીય ગ્રાહક દિવસની થીમ – **'The Sustainable Consumer' (ટકાઉ ગ્રાહક) છે.**

### ICE FACT

(1) 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' ને 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' (National Consumers Right Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 24 ડિસેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ ગ્રાહક દિવસ' 15 માર્ચના રોજ ઉજવાય છે.

(3) રાજ્ય ગ્રાહક હેલ્પલાઈન-ટોલ ફ્રી નં. : 1800-233-0222 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM)

કેન્દ્ર સરકારે તાજેતરમાં નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની હેલ્થ ડેટા મેનેજમેન્ટ પોલિસીને મંજૂરી આપી છે.

- તે લાગુ કરેલા કાયદાઓ અને નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા ધોરણો નિર્ધારિત કરી શકે છે.

### નેશનલ ડિજિટલ હેલ્થ મિશન વિશે

- રાષ્ટ્રીય આરોગ્ય નીતિ અંતર્ગત ડિજિટલ તકનીકો અપનાવવા **આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે** રાષ્ટ્રીય આરોગ્ય માળખું વિકસાવવા માટે **જે. સત્યનારાયણની અધ્યક્ષતામાં એક સમિતિની રચના** કરી હતી.

- આ સમિતિએ ડિજિટલ આરોગ્યને સંપૂર્ણ રીતે અમલમાં મૂકવા માટે **'નેશનલ ડિજિટલ હેલ્થ બ્લૂપ્રિન્ટ (NDHB)'** બનાવી હતી.
- NDHB આગળ જઈને 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન'ના રૂપમાં વિકસિત થયું.
- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્રતા દિવસ 2020** પર **'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM)'**ની સ્થાપનાની ઘોષણા કરી હતી.
- આ મિશનનો હેતુ યુનિવર્સલ હેલ્થ કવરેજ પૂરું પાડે તેવી નેશનલ ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ ઊભી કરવાનો છે.
- નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ જેવી કે આધાર આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામ, આયુષ્માન ભારત યોજના સાથે સહયોગ કરવામાં આવશે.
- નેશનલ ડિજિટલ હેલ્થ મિશનમાં હેલ્થ આઈ.ડી., Digi–ડોકટર, ટેલિ–મેડિસિન, e-ફાર્મસી અને હેલ્થકેર રજિસ્ટ્રી વગેરેનો સમાવેશ થાય છે.
- **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)** દ્વારા આ મિશનનો અમલ કરવામાં આવે છે.

## ➤ ગ્રીન નેશનલ હાઈવેઝ કોરિડોર પ્રોજેક્ટ

- કેન્દ્ર સરકારે તાજેતરમાં દેશમાં ગ્રીન નેશનલ હાઈવે કોરિડોર વિકસાવવા માટે **વર્લ્ડ બેંક** સાથે 500 મિલિયન ડોલરની લોનનો કરાર કર્યો છે.
- આ કોરિડોર **હિમાચલપ્રદેશ**, **આંધ્રપ્રદેશ**, **રાજસ્થાન** અને **ઉત્તરપ્રદેશ**માં વિકસિત થવાના છે.
- આ પ્રોજેક્ટ માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલયને 783 કિલોમીટર હાઈવે બનાવવા માટે સહાય કરશે.
- આ પ્રોજેક્ટ આધારિત બનાવવામાં આવેલા રસ્તાઓ સલામત અને ગ્રીન ટેક્નોલોજી આધારિત બનાવેલ હશે.

### ગ્રીન નેશનલ હાઈવે કોરિડોર પ્રોજેક્ટ વિશે

- આ પ્રોજેક્ટ રસ્તાના વપરાશકારો માટે કાર્યક્ષમ પરિવહન પ્રદાન કરશે.
- તે લોકોને બજારો અને સેવાઓથી જોડશે.
- આ પરિયોજના કુદરતી સંસાધનોના ઉપયોગને ઘટાડવા માટે પાણી અને નિર્માણ સામગ્રીઓના વિવેકપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપશે. તે ગ્રીન હાઉસ વાયુઓને ઘટાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તે નવા ફૂટપાથો, બાયપાસ, ડ્રેનેજ સુવિધાઓ અને સુધારેલા જંકશન બનાવીને તેની સંરચનાને મજબૂત બનાવવામાં મદદ કરશે.
- આ પ્રોજેકટ માર્ગ સુરક્ષા વધારશે.
- કેન્દ્રીય કેબિનેટે માર્ચ 2020માં 7,660 કરોડના ખર્ચે ગ્રીન નેશનલ હાઈવેના 780 કિલોમીટરના નિર્માણના પ્રોજેકટને મંજૂરી આપી હતી.

## ➤ દેવેન્દ્ર ફડણવીસે 'અયોધ્યા' પુસ્તકનું અનાવરણ કર્યું

- દેવેન્દ્ર ફડણવીસે **માધવ ભંડારી** દ્વારા લખાયેલા પુસ્તક **'અયોધ્યા'**નું અનાવરણ કર્યું હતું.
- આ પુસ્તકમાં અયોધ્યા સંબંધિત વિભિન્ન સંદર્ભ છે. તે શ્રી રામ મંદિરના ઈતિહાસ સંબંધી જાણકારી પ્રદાન કરશે.
- અયોધ્યામાં શ્રી રામ મંદિરના નિર્માણ માટે **શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ**ની સ્થાપના કરવામાં આવી છે.
- અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ **નાગર શૈલીમાં** કરવામાં આવશે.
- આ મંદિરના **વાસ્તુકાર ચંદ્રકાંત સોમપુરા** છે.




## ICE ? Questions

1. 'રાષ્ટ્રીય ગ્રાહક દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   (A) 24 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર — (A)

2. ભારતમાં 'ગ્રાહક સુરક્ષા એકટ' કયા વર્ષમાં અમલમાં આવ્યો હતો ?
   (A) 1984 (B) 1986 (C) 1987 (D) 1989 — (B)

3. 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ' 2020ની થીમ જણાવો ?
   (A) The Sustainable Customer
   (B) The Sustainable Consumer
   (C) The Sustainable Customer During COVID-19
   (D) The Sustainable Consumer During COVID-19 — (B)

4. 'વિશ્વ ગ્રાહક દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?
   (A) 24 ડિસેમ્બર (B) 24 માર્ચ (C) 15 માર્ચ (D) 15 ડિસેમ્બર — (C)

5. રાષ્ટ્રીય આરોગ્ય નીતિ અંતર્ગત આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય આરોગ્ય માળખું વિકસાવવા કઈ સમિતિની રચના કરી હતી ?
   (A) ડો. હર્ષ વર્ધન કમિટી (B) કસ્તૂરી રંગન સમિતિ
   (C) ડી. ટી. લાકડાવાલા સમિતિ (D) જે. સત્યનારાયણ સમિતિ — (D)

6. તાજેતરમાં કેન્દ્ર સરકારે ગ્રીન નેશનલ હાઈવે કોરિડોર વિકસાવવા માટે કોની સાથે 500 મિલિયન ડોલરની લોનનો કરાર કર્યો છે ?
   (A) એશિયન ડેવલપમેન્ટ બેંક (B) યુરોપિયન યુનિયન
   (C) વર્લ્ડ બેંક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં — (C)

7. માધવ ભંડારી દ્વારા લિખીત 'અયોધ્યા' પુસ્તકનું અનાવરણ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી વેંકેયા નાયડુ
   (C) શ્રી અમિત શાહ (D) શ્રી દેવેન્દ્ર ફડણવીસ — (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

25 DECEMBER, 2020 FRIDAY

## ➤ દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day)

- ભારતમાં દર વર્ષે 25 ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈની યાદમાં તેમનો જન્મદિન 25 ડિસેમ્બર 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે.
- શ્રી અટલ બિહારી વાજપેઈનો જન્મ 25 ડિસેમ્બર, 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા વર્ષ 2014થી 'સુશાસન દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### શ્રી અટલ બિહારી વાજપેઇ

- તેઓ પ્રથમ વખત 16 મે 1996ના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- આ સમયે તેઓ ઉત્તરપ્રદેશના લખનૌ અને ગુજરાતના ગાંધીનગર મતક્ષેત્રમાંથી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જોકે ત્યારબાદ તેમણે ગાંધીનગર મતક્ષેત્રમાંથી રાજીનામું આપ્યું હતું.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી ભારતના 10મા વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી વડાપ્રધાન તરીકે પાંચ વર્ષની ટર્મ પુરી કરનાર પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ NDA (National Democratic Alliance) નામના ગઠબંધનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- NDA ગઠબંધનના તેઓ પ્રથમ વડાપ્રધાન હતા.
- તેઓ લોકસભાના સભ્ય તરીકે 10 વખત ચૂંટાયા હતા. અને બે વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા.
- અલગ–અલગ સામાન્ય ચૂંટણીઓમાં અલગ-અલગ ચાર રાજ્યોમાંથી કુલ છ લોકસભા બેઠકો પર વિજેતા બનનાર તેઓ એકમાત્ર સાંસદ હતા.
- તેઓ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત અને દિલ્હીમાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- છેલ્લે તેઓ 2009 સુધી ઉત્તરપ્રદેશની લખનૌ લોકસભા બેઠકના સભ્ય હતા.
- તેમને વર્ષ 2015માં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત થયો હતો.

## વડાપ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી

- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ભારતના વડાપ્રધાન તરીકે અનેક મહત્ત્વના કાર્યો કર્યા હતા. તેમાંથી તેમના ખૂબ જ અગત્યના કાર્યો આ પ્રમાણે છે :

## પરમાણુ પરીક્ષણ

- તેમના નેતૃત્વ હેઠળ 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળનામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ બોમ્બનું બીજું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ પરીક્ષણને 'પોખરણ-II' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના

- ભારતના ચાર મોટા શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવા માટે 'સ્વર્ણિમ ચતુર્ભુજ' યોજનાની શરૂઆત કરી.

## દિલ્હી-લાહોર બસ સેવા

- પાકિસ્તાન સાથે સંબંધો સુધારવા માટે 19 ફેબ્રુઆરી, 1999ના રોજ 'સદા-એ-સરહદ'ના નામથી દિલ્હીથી પાકિસ્તાનના લાહોર સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો.
- આ બસ સેવાનું ઉદ્દઘાટન કરીને બસના પ્રથમ યાત્રી તરીકે તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા.

## કારગીલ યુદ્ધમાં વિજય

- ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કારગીલ યુદ્ધમાં 26 જુલાઈ, 1999ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનને પરાજય આપ્યો.

## 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ

- ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'સર્વ શિક્ષા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- 2001માં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત 6 થી 14 વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- અને આ ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો.

## ચંદ્રયાન-1

- 15 ઓગસ્ટ, 2003ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતા શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ચંદ્રયાન-1 પ્રોજેક્ટની જાહેરાત કરી.
- આ અંતર્ગત 22 ઓક્ટોબર, 2008ના રોજ શ્રી હરિકોટા ખાતેથી 'ચંદ્રયાન-1' લોન્ચ કરવામાં આવ્યું.

## દૂરસંચાર ક્રાંતિ

- દૂરસંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ્ડ લાઈસન્સની ફી નાબૂદ કરીને 'રેવન્યુ શેરિંગ'ની વ્યવસ્થા શરૂ કરી.
- 1 ઓક્ટોબર, 2000ના રોજ BSNLની સ્થાપના કરવામાં આવી.
- નવી ટેલિકોમ નીતિ જાહેર કરી.

## સદૈવ અટલ

- 25 ડિસેમ્બર, 2018ના રોજ નવી દિલ્હી ખાતે 'ભારત રત્ન' શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિ 'સદૈવ અટલ' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.
- નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર 'સદૈવ અટલ' નામનું આ સમાધિ સ્થળ બનાવવામાં આવ્યું છે.
- આ સમાધિના પ્લેટફોર્મ પર બ્લેક ગ્રેનાઈટ પથ્થરના નવ ચોરસ બોક્સ છે. તેની મધ્યમાં 'દીવા'ની પ્રતિકૃતિ છે.
- આ નવ નંબર નવરાસ, નવરાત્ર અને નવગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ સમાધિનું નિર્માણ રૂ. 10.51 કરોડના ખર્ચે 'અટલ સ્મૃતિ ન્યાસ સોસાયટી' દ્વારા કરાવવામાં આવ્યું છે.
- આ સમાધિના નિર્માણ માટે દેશના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેમાં સમાધિનો મુખ્ય પથ્થર તેલંગણાની ખમ્મમની પ્રસિદ્ધ ખાણમાંથી લાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ડિજિબોક્સ શું છે ?

- ડિજિબોક્સએ **સ્ટોરેજ પ્લેટફોર્મ** છે. તે **ફાઇલ શેરિંગ** અને **ક્લાઉડ સ્ટોરેજ પ્લેટફોર્મ** છે.
- ડિજિબોક્સને **નીતિ આયોગના CEO શ્રી અમિતાભ કાંત** દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

### ડિજિબોક્સ વિશે

- ડિજિબોક્સ દર મહિને **20 GB ફ્રી ક્લાઉડ સ્ટોરેજ** અને **100 GB ફ્રી સ્પેસ પ્રદાન કરે** છે.
- આવા સ્ટોરેજ માટે તે **દર મહિને માત્ર 30 રૂપિયા ચાર્જ** કરશે.
- ભારતની **'મેક ઈન ઈન્ડિયા, સ્ટોર ઈન ઈન્ડિયા'** નીતિ હેઠળ ડિજિબોક્સ તેનાં પ્રકારનું પ્રથમ છે.
- તે સર્વિસ પ્રોડક્ટ તરીકેનું એક સોફ્ટવેર છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને સ્થાનિકીકરણને અગ્રતા આપે છે.
- ડિજિબોક્સમાં **'ઈન્સ્ટાશેર'** નામની સુવિધા છે. આ સુવિધા વપરાશકર્તાઓને ઉચ્ચ રિઝોલ્યુશન ધરાવતા **ફોટાઓ, વીડિયોઝ, મોટા કદના દસ્તાવેજો તેમજ PDF શેર** કરવાની મંજૂરી આપે છે.
- જ્યારે **વપરાશકર્તા સ્ટોરેજ સ્પેસમાંથી તેનો ડેટા કાઢી** નાખે છે ત્યારે તે બીજા **60 દિવસ સુધી તેને પાછો મેળવી શકે છે.** 60 દિવસ બાદ આ ડેટા સંપૂર્ણપણે દૂર થઈ જાય છે.
- હાલમાં ડિજિબોક્સ સુવિધા ફક્ત એન્ડ્રોઈડ વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ છે.
- અન્ય ક્લાઉડ સ્ટોરેજ ખાસ કરીને ગૂગલની તુલનામાં ડિજિબોક્સ ખૂબ જ સસ્તુ છે.
- **ગૂગલ હાલમાં 15 GB ફ્રી સ્ટોરેજ સ્પેસ** આપે છે. તેમાં મેઈલ, ડ્રાઈવ, ફોટા અને અન્ય સેવાઓનો પણ સમાવેશ થાય છે.
- ગૂગલમાં 100 GB સબસ્ક્રિપ્શન માટે દર મહિને 130 રૂપિયા ચૂકવવા પડે છે.

DIGIBOXX

Share, manage, collaborate better

**Store in India**

Simplify life.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ લદાખનું ત્સો કાર વેટલેન્ડ સંકુલ - ભારતનું 42મું રામસર સ્થળ બન્યું

- કેન્દ્ર સરકારે તાજેતરમાં ત્સો કાર વેટલેન્ડ સંકુલને દેશના 42મા રામસર સ્થળ તરીકે ઉમેર્યું છે. કેન્દ્રશાસિત પ્રદેશ એવા લદાખમાં આવેલું આ બીજું રામસર સ્થળ છે.

### ત્સો કાર વેટલેન્ડ સંકુલ વિશે

- ત્સો કાર વેટલેન્ડ બેસિન એક 4500 મીટર કરતાં વધુ ઊંચાઈ પર સ્થિત રામસર સંકુલ છે.
- તેમાં બે મુખ્ય વોટર બોડીઝ સ્ટાર્ટ્સપુક ત્સો અને ત્સો કારનો સમાવેશ થાય છે.
- સ્ટાર્ટ્સપુક ત્સો એ 438 હેક્ટરનું તાજા પાણીનું તળાવ છે.
- ત્સો કાર એ 1800 હેક્ટરનું અતિખારાપાણીનું તળાવ છે.
- બર્ડ લાઈફ ઈન્ટરનેશનલ મુજબ ત્સો કાર બેસિન A1 કેટેગરીનો મહત્ત્વપૂર્ણ બર્ડ એરિયા વિસ્તાર છે.
- તે મધ્ય એશિયાઈ ફ્લાઈવેમાં એક મહત્ત્વપૂર્ણ રામસર સ્થળ છે.
- વળી, આ સ્થળ કાળી ગરદનવાળા ક્રેન્સ માટે સૌથી મહત્ત્વપૂર્ણ સંવર્ધન ક્ષેત્ર છે.
- તેને 'ક્ષો કર તળાવ' પણ કહેવામાં આવે છે.

### સેન્ટ્રલ એશિયન ફ્લાઈવે

- સેન્ટ્રલ એશિયન ફ્લાઈવે આર્કટિક મહાસાગર અને હિંદ મહાસાગરની વચ્ચે યુરેશિયાના ખંડોના ક્ષેત્રને આવરે છે.

### રામસર કન્વેન્શન

- વિશ્વભરમાં આવેલ આર્દ્રભૂમિ (Wetlands)ના ટકાઉ સંરક્ષણ અને સંવર્ધન માટે ઈરાનના રામસર શહેરમાં વર્ષ 1971માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સંધિને 'રામસર કન્વેશન' અથવા 'કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સંધિ વર્ષ 1975માં લાગુ કરવામાં આવી હતી.

**ICE FACT :**

(1) દર વર્ષે 2 ફેબ્રુઆરીને વિશ્વ આર્દ્રભૂમિ દિવસ (World Wetland Day) તરીકે ઉજવવામાં આવે છે.

(2) ગુજરાતમાં આવેલ એકમાત્ર રામસર સ્થળ 'નળ સરોવર પક્ષી અભયારણ્ય' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ભારતે રામસર કન્વેન્શનમાં <u>1 ફેબ્રુઆરી, 1982</u>ના રોજ જોડાણ માટે હસ્તાક્ષર કર્યા હતા.

(4) ભારતનું **<u>સૌથી મોટું રામસર સ્થળ ઓડિશામાં</u>** આવેલ <u>ચિલ્કા તળાવ</u> છે.

(5) ભારતની પ્રથમ રામસર સાઈટો ચિલ્કા તળાવ (ઓડિશા) અને કેવલાદેવ નેશનલ પાર્ક (રાજસ્થાન) હતું.

(6) **<u>ઉત્તરપ્રદેશમાં 8 રામસર સ્થળો આવેલા</u>** છે **<u>તેમજ તે સૌથી વધુ રામસર સ્થળો ધરાવતું ભારતનું</u>** રાજ્ય છે.

## ➢ જલ શકિત અભિયાન II : કેચ ધ રેઈન અવેરનેસ જનરેશન અભિયાન

- જલ શકિત અભિયાન II : કેચ ધ રેઈન અવેરનેસ જનરેશન કેમ્પેઈન તાજેતરમાં <u>નવી દિલ્હીમાં</u> શરૂ કરાયું હતું.
- **<u>નેશનલ વોટર મિશન (NWM)</u>** દ્વારા આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.
- તે **<u>જલ શકિત મંત્રાલય, યુવા બાબતો અને રમત મંત્રાલય અને નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન</u>**ની સંયુકત પહેલ છે.

### અભિયાન વિશે

- આ અભિયાનમાં પાણીના બચાવ અને વરસાદી પાણીના સંગ્રહ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- તે આબોહવાની સ્થિતિને અનુરૂપ વરસાદના જળસંચય પર ધ્યાન આપવા લોકોને જાગૃત કરશે.
- આ અભિયાન અંતર્ગત જલશકિત અભિયાનના બીજા તબક્કા હેઠળ ભારતના 623 જિલ્લાઓને આવરી લેવામાં આવશે.
- કેચ રેઈન કેમ્પેઈનની ટેગ લાઈન આ મુજબ છે :

  **<u>'Catch the rain, where it falls, when it falls.'</u>**

जल शक्ति
अभियान
संचय जल, बेहतर कल

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM)નું સફળ પરીક્ષણ

- મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM)નું તાજેતરમાં ઓડિશામાં આવેલ ચાંદીપુરના સંરક્ષણ સુવિધા પરથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- MRSAMનો વિકાસ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યો હતો.

### મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) વિશે

- MRSAM એ વન કમાન્ડ કંટ્રોલ સિસ્ટમ છે. જે મિસાઈલ, રડાર અને મોબાઈલ લોન્ચર સિસ્ટમોને ટ્રેક કરે છે.
- તે બે વખતના સ્ટેકમાં આઠ કેનિસ્ટરાઈઝ્ડ મિસાઈલોને લઈ જવા અને લોન્ચ કરવા માટે સક્ષમ છે.
- MRSAMનું વજન 276 કિલોગ્રામ અને તેની લંબાઈ 4.5 મીટર છે.
- તેનું નિર્માણ ભારત ડાયનેમિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- તે અદ્યતન સક્રિય રડાર રેડિયો ફ્રિકવન્સી સીકર, બાય ડાયરેકશનલ ડેટા લિંક અને તબક્કાવાર એરે રડારથી સજ્જ છે.
- આ મિસાઈલની લડાઈ વ્યવસ્થાપન પ્રણાલી વિવિધ પ્રકારના જોખમોને પણ સરળ બનાવે છે.
- સિસ્ટમ ટ્રેકિંગ રડારનો ઉપયોગ કરીને જોખમને ટ્રેક કરે છે.
- આ સિસ્ટમ લોન્ચર અને લક્ષ્ય વચ્ચેના અંતરની ગણતરી કરે છે અને નક્કી કરે છે કે લક્ષ્ય કોઈ મિત્ર છે કે દુશ્મન.
- MRSAM DRDO દ્વારા વિકસિત ડ્યુઅલ-પલ્સ સોલિડ પ્રપલ્શન સિસ્ટમ દ્વારા સંચાલિત છે.
- તે એક દિશાકીય નિયંત્રણ પ્રણાલી સાથે જોડાયેલ હોય છે અને તે મિસાઈલને 2 મેક સુધીની ઝડપે આગળ વધારી શકે છે.
- તે 70 કિલોમીટરની સીમામાં એક સાથે ઘણાં લક્ષ્યોને જોડી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE ? Questions

1. ભારતમાં "સુશાસન દિવસ" તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર **(C)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (B) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી અટલ બિહારી વાજપેઈ **(D)**

3. ભારતમાં શ્રી અટલબિહારી વાજપેઈના જન્મ દિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ કયારથી થયો હતો ?
(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 **(B)**

4. ભારતમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિનું નામ શું છે ?
(A) અટલ ઘાટ (B) અટલ સ્મૃતિ (C) સદૈવ અટલ (D) અમર અટલ **(C)**

5. ડિજિબોક્સ તાજેતરમાં કોના દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી અમિત શાહ (B) શ્રી અમિતાભ ઘોષ
(C) શ્રી અમિતાભ કાંત (D) શ્રી અમિતાભ બચ્ચન **(C)**

6. ડિજિબોક્સમાંથી વપરાશકર્તા દ્વારા એક વાર સ્ટોરેજ સ્પેસમાંથી ડેટા દૂર કર્યા બાદ કેટલા દિવસ સુધી તેને પાછો મેળવી શકાય છે ?
(A) 60 દિવસ (B) 50 દિવસ (C) 45 દિવસ (D) 30 દિવસ **(A)**

7. ગૂગલ હાલમાં કેટલી ફ્રી સ્ટોરેજ સ્પેસ આપે છે ?
(A) 10 GB (B) 15 GB (C) 20 GB (D) 30 GB **(B)**

8. ત્સો કાર વેટલેન્ડ સંકુલ ભારતમાં કયા આવેલ છે ?
(A) મણિપુર (B) સિક્કિમ
(C) અંદમાન અને નિકોબાર (D) લદાખ **(D)**

9. ત્સો કાર વેટલેન્ડ સંકુલ ભારતનું કેટલામું પસંદગી પામેલ રામસર સ્થળ છે ?
(A) 40 (B) 41 (C) 42 (D) 44 **(C)**

10. 1971માં 'રામસર કન્વેન્શન' કયા દેશમાં યોજાયું હતું ?
(A) ઈરાક (B) કઝાકિસ્તાન (C) સ્પેન (D) ઈરાન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11.** દર વર્ષે વિશ્વભરમાં કયારે 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 2 ફેબ્રુઆરી (B) 2 માર્ચ (C) 15 માર્ચ (D) 15 ફેબ્રુઆરી **(A)**

**12.** ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ રામસર સ્થળો આવેલા છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરાખંડ (C) ઉત્તરપ્રદેશ (D) આંધ્રપ્રદેશ **(C)**

**13.** જલ શકિત અભિયાન II અંતર્ગત કેચ ધ રેઈન અવેરનેસ જનરેશન કેમ્પેઈન તાજેતરમાં કયાં શરૂ કરાયું હતું ?

(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) કોલકાતા (D) બેંગાલુરુ **(B)**

**14.** મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) વિશે ખોટું વિધાન જણાવો ?


(A) MRSAMનું તાજેતરમાં પરીક્ષણ ઓડિશામાં કરવામાં આવ્યું હતું.

(B) MRSAMનો વિકાસ DRDO અને ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યો હતો.

(C) MRSAM DRDO દ્વારા વિકસિત ડ્યુઅલ–પલ્સ સોલિડ પ્રપલ્શન સિસ્ટમ દ્વારા સંચાલિત છે.

(D) MRSAMનું વજન 530 કિલોગ્રામ છે. અને તેની લંબાઈ 5 મીટર છે. **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**26 DECEMBER, 2020 SATURDAY**

## ➢ ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી ગુજરાતમાં સ્થપાશે

- ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી ગુજરાતમાં સ્થાપિત થવાની છે.
- સૌથી મોટી પાવર ટ્રેડિંગ અને રિન્યૂએબલ એનર્જી કંપની, મણિકરણ પાવર લિમિટેડ ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી સ્થાપવા માટે રૂ. 1,000 કરોડનું રોકાણ કરશે.
- આ રિફાઈનરી માટે લિથિયમની કાચીધાતુ ઓસ્ટ્રેલિયાથી આયાત થવાની છે.
- નિયોમેટલ્સ (ઓસ્ટ્રેલિયન કંપની) અને મણિકરણ પાવર લિમિટેડે ભારતમાં લિથિયમ ઉત્પાદન માટે કરાર કર્યા છે.
- ભારતમાં ભવિષ્યમાં લિથિયમની માંગ પરિવહનના વિદ્યુતીકરણ અને નવીનીકરણીય ઊર્જાના સંગ્રહ માટે વધવાની છે.
- મણિકરણએ ભારતની ત્રીજી સૌથી મોટી પાવર ટ્રેડિંગ કંપની છે.
- લિથિયમ એક દુર્લભ તત્ત્વ છે અને તે ભારતમાં જોવા મળતું નથી.

### ટોચના લિથિયમ ઉત્પાદક દેશો

- વિશ્વના સૌથી વધુ લિથિયમ ઉત્પાદક દેશોમાં ઓસ્ટ્રેલિયા, ચિલી, ચીન, આર્જેન્ટિના, ઝિમ્બાબ્વે અને પોર્ટુગલનો સમાવેશ થાય છે.

### લિથિયમ

- લિથિયમ એક નરમ અને ચળકતી–સફેદ ધાતુ છે.
- લિથિયમની રાસાયણિક સંજ્ઞા “Li” છે.
- લિથિયમનો પરમાણુ ક્રમાંક '3' છે.
- લિથિયમ આલ્કલી ધાતુ છે તેમજ તે અત્યંત ક્રિયાશીલ અને જ્વલનકારક છે.



## ➤ સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ એપ્રિલ 2021 સુધીમાં શરૂ કરવામાં આવશે



**કેન્દ્ર સરકારે** તાજેતરમાં જાહેરાત કરી હતી કે **સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલને એપ્રિલ 2021 સુધીમાં શરૂ કરવામાં** આવશે.

- સેન્ટ્રલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલની જાહેરાત સિંગલ વિંડો સિસ્ટમના અભિન્ન અંગ તરીકે કરવામાં આવી હતી.
- **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** દ્વારા સિંગલ વિંડો સિસ્ટમ પર કામ કરવામાં આવી રહ્યું છે.
- કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી નિર્મલા સિતારામન દ્વારા કેન્દ્રીય બજેટ 2020-21 દરમિયાન સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ સ્થાપવાના વિચાર અંગે જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ વિશે

રોકાણકારોને **એક પ્લેટફોર્મ** હેઠળ **તમામ જરૂરી માહિતી** અને મંજૂરી મળે તે માટે સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલની સ્થાપના કરવામાં આવી રહી છે.

- તે વન સ્ટોપ ડિજિટલ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે જે જરૂરી તમામ મંજૂરીઓ મેળવવામાં મદદ કરશે.
- તે નિઃશુલ્ક રોકાણ સલાહકાર પણ પ્રદાન કરશે.
- આ સેલ લેન્ડ બેંકો સંબંધિત જાણકારી પણ પ્રદાન કરશે અને કેન્દ્રીય અને રાજ્ય સ્તર પર રોકાણની સુવિધા પ્રદાન કરશે.
- આ સેલ સંભવિત રોકાણકારોને તમામ મંત્રાલયો સાથે વાતચીત કરવાની અનુકૂળતા કરી આપશે અને જરૂરી મંજૂરીઓ પણ મેળવવામાં મદદ કરશે.

## ➢ આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત 1.5 કરોડ સારવાર કરવામાં આવી

- આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત તાજેતરમાં 1.5 કરોડ સારવાર પૂર્ણ કરવામાં આવી.
- કેન્દ્ર સરકારના ફ્લેગશીપ પ્રોગ્રામ એવા 'આયુષ્યમાન ભારત' એ તાજેતરમાં બે વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.

### આયુષ્યમાન ભારત યોજના વિશે

- આયુષ્યમાન ભારત યોજના **'રાષ્ટ્રીય આરોગ્ય નીતિ, 2017'** હેઠળ શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનાનો હેતુ યુનિવર્સલ હેલ્થ કવરેજ પ્રાપ્ત કરવાનો છે.
- આ યોજના ટકાઉ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી.
- આ યોજનાના બે મુખ્ય ઘટકો નીચે મુજબ છે :

  – હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ

  – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ

- આયુષ્યમાન યોજના અંતર્ગત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોને અપગ્રેડ કરીને આશરે **1.5 લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ સ્થાપવામાં** આવશે.
- તેમાં બાળ આરોગ્ય સેવાઓ, માતૃત્વ સેવાઓ તેમજ નોન–કમ્યુનિકેબલ ડિસીઝ જેવા રોગોને આવરી લેવામાં આવ્યા છે.
- તેમાં દવાઓ અને નિદાનની સેવાઓનો પણ સમાવેશ થાય છે.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM JAY)

- 'આયુષ્યમાન ભારત' યોજનાનું બીજું ઘટક પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના છે.
- તેની શરૂઆત **સપ્ટેમ્બર 2018માં ઝારખંડના રાંચીમાંથી** કરવામાં આવી હતી.
- તે **વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના** છે.
- તે **દર વર્ષે કુટુંબ દીઠ રૂ. 5 લાખનું આરોગ્ય કવર પ્રદાન** કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ યોજના અંતર્ગત ભારતમાં 50 કરોડ લોકોને આવરી લેવાયા છે.
- આ યોજના અંતર્ગત લાભાર્થીઓની ઓળખ 'સોશિયો-ઈકોનોમિક કાસ્ટ સેન્સસ 2011' હેઠળ કરવામાં આવી હતી.
- આ યોજના અગાઉ 'નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કિમ' નામથી ઓળખાતી હતી.

## ➤ પીએમ કિસાન યોજના હેઠળ ખેડૂતોના ખાતામાં રૂ. 18,000 કરોડ ટ્રાન્સફર કરાયા

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય સુશાસન દિવસે (25 ડિસેમ્બર) દેશના 9 કરોડ ખેડૂતોના ખાતામાં ખેડૂત સમ્માનનિધિ યોજના હેઠળ 2,000 લેખે 18,000 કરોડની રકમ ટ્રાન્સફર કરી હતી.

### PM-KISAN યોજના વિશે

- તે તેલંગાણા સરકાર દ્વારા સૌપ્રથમ 'રાયથુ બંધુ' યોજના તરીકે લાગુ કરવામાં આવી હતી. રાયથુ બંધુ યોજના હેઠળ અમુક ચોક્કસ રકમ ખેડૂતોને આપવામાં આવી હતી.
- વર્ષ 2019-20ના બજેટ દરમિયાન જાહેરાત કરવામાં આવી હતી કે આ યોજનાને દેશ વ્યાપી યોજના તરીકે લાગુ કરવામાં આવશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજના સૌપ્રથમ ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં વર્ષ 2019માં લૉન્ચ કરી હતી.

  PM-KISAN નું પૂરું નામ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ છે.
- PM-KISAN યોજના હેઠળ ખેડૂતોને ત્રણ રૂ. 2,000ના હપ્તામાં દર વર્ષે કુલ 6,000 રૂપિયા આપવામાં આવે છે.
- આ યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોની આવકના સ્ત્રોત વધારવાનો છે.

### વિવિધ રાજ્યો દ્વારા પીએમ કિસાન યોજના જેવી શરૂ કરાયેલ યોજનાઓ

- નીચે આપેલ યોજનાઓ વિવિધ રાજ્યો દ્વારા શરૂ કરાયેલ છે જે પીએમ કિસાન યોજના જેવી જ છે :

| યોજના | રાજ્ય |
|---|---|
| ભાવાંતર ભુગતાન યોજના | મધ્યપ્રદેશ |
| KALIA યોજના | ઓડિશા |
| (Krushak Assistance for Livelihood and Income Augmentation) | |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી કયા રાજ્યમાં સ્થાપવામાં આવશે ?<br>(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા | (B) |
| 2. | લિથિયમનો પરમાણુ ક્રમાંક જણાવો ?<br>(A) 2 (B) 4 (C) 3 (D) 1 | (C) |
| 3. | કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ જાહેરાત અનુસાર સેન્ટ્રલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ કયા સુધીમાં શરૂ કરવામાં આવશે ?<br>(A) એપ્રિલ 2021 (B) એપ્રિલ 2022<br>(C) એપ્રિલ 2023 (D) માર્ચ 2024 | (A) |
| 4. | આયુષ્યમાન ભારત યોજના કયા વર્ષની રાષ્ટ્રીય આરોગ્ય નીતિ હેઠળ શરૂ કરવામાં આવી હતી ?<br>(A) 2016 (B) 2017 (C) 2018 (D) 2019 | (B) |
| 5. | આયુષ્યમાન ભારત યોજના હેઠળ કેટલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ સ્થાપવામાં આવશે ?<br>(A) 1 લાખ (B) 2 લાખ (C) 2.5 લાખ (D) 1.5 લાખ | (D) |
| 6. | પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)ની શરૂઆત કયાંથી કરવામાં આવી હતી ?<br>(A) ગોરખપુર (B) પટના (C) રાંચી (D) ઈન્દોર | (C) |
| 7. | પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) અંતર્ગત દર વર્ષે કુટુંબદીઠ કેટલા રૂપિયાનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે ?<br>(A) 3 લાખ (B) 2 લાખ (C) 5 લાખ (D) 4 લાખ | (C) |
| 8. | 'રાયથુ બંધુ' યોજના કયા રાજ્ય દ્વારા લાગુ કરવામાં આવી હતી ?<br>(A) તેલંગાણા (B) આંધ્રપ્રદેશ (C) હરિયાણા (D) પંજાબ | (A) |
| 9. | PM-KISAN યોજના સૌપ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કયા લોન્ચ કરવામાં આવી હતી ?<br>(A) ગોરખપુર (B) રાંચી (C) ઈન્દોર (D) ભોપાલ | (A) |
| 10. | પીએમ કિસાન યોજના જેવી જ 'કાલિયા' યોજના કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવી હતી ?<br>(A) મધ્યપ્રદેશ (B) ઓડિશા (C) તેલંગાણા (D) આંધ્રપ્રદેશ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાત કેડરના IPS સંદીપ ચૌધરીની હવે RAWમાં અન્ડર સેક્રેટરી પદે ચાર વર્ષ માટે નિમણૂક

ગુજરાત કેડરના 2015 બેચના IPS અધિકારી શ્રી સંદીપ ચૌધરીની કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર કેબિનેટ સેક્રેટરિયેટ (રિસર્ચ એન્ડ એનાલિસીસ વિંગ)માં અન્ડર સેક્રેટરીના દરજ્જે ચાર વર્ષ માટે નિમણૂક થઈ છે. શ્રી સંદીપ ચૌધરી અત્યાર સુધી વડોદરામાં ઝોન-2મા DCP તરીકે ફરજ બજાવતા હતા.

### ➤ વિશ્વભરમાં વેક્સિનની કોલ્ડચેઈન ઊભી કરવા સ્ટોરેજ ડિવાઈસિસ કચ્છમાં બનશે

કોવિડ-19 સહિત અનેક પ્રકારના રોગોમાં ઉપયોગમાં લેવાતી પ્રતિરોધક વેક્સિનના સંગ્રહ, હેરાફેરીની કોલ્ડ ચેઈનના રેફ્રિજરેટર સ્ટોરેજ ડિવાઈસિસનું ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના 60 ટકા માર્કેટને કવર કરતી લક્ઝમ્બર્ગની બી મેડિકલ સિસ્ટમ નામની કંપની ગુજરાતના કચ્છમાં પોતાનો પ્લાન્ટ સ્થાપશે.

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ધરમપુરમાં 'અટલ-સેવા-શટલ' નામના આરોગ્ય રથનો પ્રારંભ

સુશાસન દિવસ (25 ડિસેમ્બર) નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી ધરમપુર ખાતે 'અટલ-સેવા-શટલ' નામે આરોગ્યરથનો આરંભ કરાવ્યો હતો. ધરમપુર–કપરાડા જેવા છેવાડાના આદિવાસી વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિની રક્ષા તેમજ શ્રીમદ રાજચંદ્રના સિદ્ધાંતો માટે પ્રયત્નશીલ શ્રીમદ્ રાજચંદ્ર મિશનના સહયોગથી શરૂ થયેલા આ આરોગ્ય રથ થકી અંતરિયાળ વિસ્તારોમાં નાગરિકોનું સ્થળ ઉપર જ નિદાન થઈ શકશે, દવા મળશે અને લોકો નિરોગી બનશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારત

### ➤ ASSOCHAMનો 101મો સ્થાપના દિન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ASSOCHAMના 101મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે તાતા ગ્રૂપને એસોચેમ એન્ટરપ્રાઈઝ ઓફ સેન્ચ્યુરી એવોર્ડથી સન્માનિત કર્યું હતું. રતન તાતાએ ગ્રૂપ વતી આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.

**ASSOCHAM**

ASSOCHAM નું પૂરું નામ Associated Chambers of Commerce and Industry of India છે.

તેની સ્થાપના 1920ના રોજ થઈ હતી.

તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

ASSOCHAM ભારતમાં વાણિજય તથા વેપારના હિતોની રક્ષા માટે કામ કરે છે.

### ➤ નેશનલ કોમન મોબિલિટી કાર્ડ

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)એ તાજેતરમાં રૂપે કોન્ટેક્ટલેસ (ઓફલાઈન) સુવિધા શરૂ કરી છે. નેશનલ કોમન મોબિલિટી કાર્ડ પ્રોગ્રામ હેઠળ આ ઓફલાઈન વોલેટ સુવિધા રજૂ કરવામાં આવી છે. નેશનલ કોમન મોબિલિટી કાર્ડ પ્રોગ્રામ 'વન કાર્ડ ફોર ઓલ પેમેન્ટ્સ' મિશન હેઠળ શરૂ કરાયું હતું. આ પ્રોગ્રામ હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય અને રૂપેની સંયુક્ત પહેલ છે.

### ➤ DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસિત ત્રણ સંરક્ષણ સિસ્ટમ્સ ભારતીય સંરક્ષણ દળોને સોંપવામાં આવી

18 ડિસેમ્બર, 2020ના રોજ સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસાવવામાં આવેલ ત્રણ સંરક્ષણ પ્રણાલીઓ ભારતીય સંરક્ષણ દળોને સોંપી હતી. દ ઈન્ડિયન મેરિટાઈમ સિચ્યુએશન અવેરનેસ સિસ્ટમ (IMSAS) ભારતીય નૌકાદળને સોંપવામાં આવી હતી. અસ્ત્ર MK-1 મિસાઈલ ભારતીય એરફોર્સને સોંપવામાં આવી હતી તેમજ બોર્ડર સર્વેલન્સ સિસ્ટમ (BOSS) ભારતીય આર્મીને સોંપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટેલિકોમ સ્કિલ એક્સેલન્સ એવોર્ડ્ઝ

18 ડિસેમ્બર, 2020ના રોજ **કેન્દ્રીય સંદેશાવ્યવહાર અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી પ્રધાન શ્રી રવિશંકર પ્રસાદે** ટેલિકોમ સ્કિલ એક્સેલન્સ એવોર્ડ્સ રજૂ કર્યા. આ અંતર્ગત **પ્રથમ પ્રાઈઝ શ્રીનિવાસ કરણમ**ને આપવામાં આવ્યું હતું. તેમણે ઊંડા સમુદ્ર સંચાર માટે ખર્ચ ઘટાડવા માટેની ટેક્નોલોજી વિકસાવવા બદલ આ એવોર્ડ મેળવ્યો હતો. આ તકનીક માછીમારોને હવામાન ચેતવણીઓ જારી કરે છે અને તેમને વાતચીતની સુવિધા આપે છે.

## ➤ કેન્દ્રીય મંત્રી શ્રી એસ. જયશંકર દ્વારા 'રિપોર્ટિંગ ઈન્ડિયા' પુસ્તકનું વિમોચન

19 ડિસેમ્બર, 2020ના રોજ **કેન્દ્રીય વિદેશપ્રધાન એસ. જયશંકરે** **'રિપોર્ટિંગ ઈન્ડિયા'** પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક **એશિયન ન્યૂઝ ઈન્ટરનેશનલ (ANI)**ના અધ્યક્ષ **પ્રેમ પ્રકાશ** દ્વારા લખવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સંગીતના ઉસ્તાદ ઈકબાલ અહમદ ખાનનું નિધન

ભારતીય શાસ્ત્રીય સંગીતના ઉસ્તાદ ઈકબાલ અહમદ ખાનનું 66 વર્ષની વયે નિધન થયું હતું. તેઓ **'દિલ્હી ઘરાના'**ના ભારતીય શાસ્ત્રીય ગાયક હતા. તેઓને દિલ્હી ઘરાનાના 'ખલીફા'ના નામે પણ ઓળખવામાં આવતા હતા. તેઓને હિંદુસ્તાની સંગીત માટે ગાયન આચાર્ય, સંગીત રતન, સંગીત સૌરભ, મિર્ઝા ગાલિબ પુરસ્કાર, અમીર ખુશરો સમ્માન અને સંગીત નાટક અકાદમી જેવા પુરસ્કારો મળ્યા હતા. તેઓએ **અમીર ખુશરોના સંગીત કાર્યને** આગળ વધાર્યું હતું.

## ➤ વર્ષ 2014થી 2018માં ભારતમાં દીપડાની વસતી 60 ટકા વધી

કેન્દ્ર સરકારે બહાર પાડેલા અહેવાલ મુજબ દેશમાં દીપડાની સંખ્યામાં 60 ટકા વધારો નોંધાયો છે. કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકરે વર્ષ 2018માં દીપડાની વસતી સંબંધે અહેવાલ જાહેર કરતાં જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં દીપડાની વસતી 12,852 છે. દીપડાની વસતી અંગેનો છેલ્લો અહેવાલ વર્ષ 2014માં બહાર પાડવામાં આવ્યો હતો. દીપડાની સૌથી વધુ વસતી ધરાવતા રાજ્યો :

| ક્રમ | રાજ્ય | દીપડાની વસતી |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 3,421 |
| 2 | કર્ણાટક | 1,783 |
| 3 | મહારાષ્ટ્ર | 1,690 |

## ➤ MPEDAએ એકવાફાર્મર્સ (મત્સ્યઉછેર) માટે બહુભાષી કોલ સેન્ટર શરૂ કર્યું

ધ મરિન પ્રોડક્ટ્સ એક્સપર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA) એ તાજેતરમાં એકવાફાર્મર્સ માટે બહુભાષી કોલ સેન્ટર શરૂ કર્યું હતું. આ પહેલ દેશમાં તેના પ્રકારની પ્રથમ છે. તે તકનીકી સમસ્યાઓ પર ધ્યાન આપશે અને ચોવીસ કલાક કાર્યક્ષમ ખેતી પદ્ધતિઓ વિશે જ્ઞાન પૂરું પાડશે. આ કોલ સેન્ટર મુખ્યત્વે આંધ્રપ્રદેશના એકવાફાર્મર્સને સુવિધા પૂરી પાડશે. આ કોલ સેન્ટર અંગ્રેજી તથા હિન્દી એમ બંને ભાષાઓમાં કોલ્સ હેન્ડલ કરી શકે છે.

## ➤ RBIની પોઝિટીવ પે સિસ્ટમ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા 50,000 રૂપિયાથી વધુના ચેક ટ્રાન્ઝેકશન માટે 1 જાન્યુઆરી, 2021થી 'પોઝિટિવ પે સિસ્ટમ' રજૂ કરશે. ટ્રાન્ઝેકશન દરમિયાનની સલામતી વધારવા અને છેતરપિંડી દૂર કરવા માટે આ કરવામાં આવી રહ્યું છે. આ સુવિધા નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વિકસિત કરવામાં આવી છે.

## ➤ અમેરિકાના ન્યૂજર્સીએ અભિનેતા શ્રી ધર્મેન્દ્રને લાઈફટાઈમ અચિવમેન્ટથી સન્માનિત કર્યા

અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટ દ્વારા બોલિવૂડના અભિનેતા ધર્મેન્દ્રને 'લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. ન્યૂજર્સી સ્ટેટ એસેમ્બલી અને સેનેટ દ્વારા સંયુકત પ્રસ્તાવ પસાર કરીને ભારતીય અભિનેતાને આ સન્માન આપવામાં આવ્યું છે. ધર્મેન્દ્ર આ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય અભિનેતા છે.

## ➤ BOBના 'બરોડા મિલિટરી સેલેરી પેકેજ' માટે સંરક્ષણ દળો સાથે MOU

ભારતની સૌથી મોટી સરકારી બેંક પૈકીની એક બેંક ઓફ બરોડાએ ભારતીય નૌકાદળ અને ભારતીય તટરક્ષકદળ સાથે સમજૂતી કરાર કર્યા છે અને ભારતીય સૈન્ય સાથે તેના હાલના MOUને રિન્યૂ કર્યા છે, જેથી 'બરોડા મિલિટરી સેલેરી પેકેજ' દ્વારા વિશેષ કસ્ટમાઈઝ બેન્કિંગ સેવાઓ પૂરી પાડી શકાય. BOBએ આજ પ્રકારની વ્યવસ્થા ભારતીય વાયુદળ સાથે પણ કરી છે, જેથી સંરક્ષણ મંત્રાલયની તમામ પાંખોને આવરી લેવાય છે. આ સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ સેવારત અને સેવાનિવૃત્ત સેનાના કર્મીઓને બેન્કિંગ સેવા પ્રદાન કરવાનો છે. બેંક ઓફ બરોડા (BOB)ની સ્થાપના વર્ષ 1908માં થઈ હતી. તેનું મુખ્યમથક વડોદરા ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ રમત-ગમત મંત્રીએ 8 રાજ્યોમાં ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સલન્સનું ઉદ્દઘાટન કર્યું

કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી કિરણ રિજિજૂએ 8 રાજ્યોમાં ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સલન્સનું ઉદ્દઘાટન કર્યું હતું. આ રાજ્યોમાં કર્ણાટક, અરૂણાચલપ્રદેશ, કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ઓડિશા અને તેલંગાણા જેવા રાજ્યોનો સમાવેશ થાય છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈન્ડિયન ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલનો પ્રારંભ

22 ડિસેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલનો પ્રારંભ કર્યો હતો. આ ફેસ્ટિવલની થીમ 'Science for self-Reliant India and Global Welfare.' છે. આ ફેસ્ટિવલનું આયોજન કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને વિજ્ઞાન ભારતી (VIBHA) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડ્સ 2021

The Department of Promotion of Industry and Internal Trade (DPIIT) દ્વારા નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2021 માટે અરજીઓ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડમાં રૂ. 5 લાખની રોકડ રકમ આપવામાં આવે છે. આ એવોર્ડ અલગ અલગ 15 શ્રેણીઓમાં આપવામાં આવે છે.

## ➤ કેન્દ્રીય મંત્રી શ્રી થાવરચંદ ગેહલોત દ્વારા 'સ્વચ્છતા અભિયાન એપ' લોન્ચ

24 ડિસેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતે એક મોબાઈલ એપ્લિકેશન 'સ્વચ્છતા અભિયાન' શરૂ કરી.

## ➤ બ્રહ્મપુત્રા આમંત્રણ અભિયાન

કેન્દ્રીય રમત ગમત અને યુવા બાબતોના મંત્રી શ્રી કિરણ રિજિજૂએ 917 કિલોમીટર લંબાઈના બ્રહ્મપુત્રા આમંત્રણ અભિયાનને લીલી ઝંડી બતાવી હતી. જલ શકિત મંત્રાલય અંતર્ગત બ્રહ્મપુત્રા બોર્ડ દ્વારા મહિના સુધી ચાલનારા આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનને આસામ, અરૂણાચલ પ્રદેશ તેમજ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહયું છે.

# વિશ્વ

## ➤ વેદાંત પટેલ જો બિડેનના સહાયક પ્રેસ સેક્રેટરી પદે નિયુક્ત કરાયા

સંયુક્ત રાજ્ય અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ જો બિડેને ભારતીય મૂળના વેદાંત પટેલને મહત્ત્વનું પદ સંભાળવા નોમિનેટ કર્યા છે. જો બિડેને વેદાંત પટેલને સહાયક પ્રેસ સેક્રેટરી પદ માટે નોમિનેટ કર્યા છે. વેદાંત પટેલનો જન્મ ભારતમાં થયો હતો. તે પછી તેઓ અમેરિકામાં સ્થાયી થયા છે. કેલિફોર્નિયા યુનિવર્સિટી અને ફ્લોરિડા યુનિવર્સિટીમાં તેઓ અભ્યાસ કરી ચૂકયા છે. તેઓ ભારતીય મૂળના કોંગ્રેસના સભ્ય પ્રમિલા જયપાલના સંદેશા વ્યવહાર સચિવનું પદ પણ સંભાળી ચૂકયા છે.

## ➤ 400 વર્ષ પછી જોવા મળી ગુરૂ અને શનિની યુતિ

21 ડિસેમ્બર, 2020ના રોજ આપણી સોલાર સિસ્ટમના બે સૌથી મોટા–ગુરૂ અને શનિના ગ્રહ જાણે એકબીજામાં સમાઈ ગયા હોય તેટલા નજીક આવ્યા હતા. છેલ્લે આવી ઘટના 16 જુલાઈ, 1623ના રોજ બની હતી. 400 વર્ષે બનતી આ અવકાશી ઘટનાને નાસાએ 'ગ્રેટ કન્જકશન' ગણાવી હતી. ગુરૂ સૂર્યની ફરતે ફરતા 12 વર્ષનો સમય લે છે. જ્યારે શનિને સૂર્યની ફરતે ફરતા 29 વર્ષ જેટલો સમય લાગે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS®

## ➤ વધુ બે ભારતીય મૂળના ગૌતમ રાઘવન અને વિનય રેડ્ડીની જો બિડેનની ટીમમાં નિમણૂક

અમેરિકાના તાજેતરમાં ચૂંટાયેલ રાષ્ટ્રપતિ જો બિડેને તેમની ટીમમાં ઉચ્ચ હોદ્દાઓ પર વધુ બે ભારતીય મૂળના અમેરિકનોની નિમણૂક કરી છે. ભારતમાં જન્મેલા ગૌતમ રાઘવનની પ્રેસિડેન્ટ પર્સોનલ કચેરીના ડેપ્યુટી ડિરેકટર પદે નિમણૂક કરાઈ છે જ્યારે વિનય રેડ્ડીની નિમણૂક સ્પીચ રાઈટિંગના ડિરેકટર પદે કરાઈ છે.

## ➤ ATP પુરસ્કાર 2020ના વિજેતાઓની ઘોષણા કરવામાં આવી

ATP પુરસ્કાર 2020ના વિજેતાઓની યાદી નીચે મુજબ છે :

| વિજેતા ખેલાડીનું નામ | દેશ |
|---|---|
| નોવાક જોકોવિચ | સર્બિયા |
| રોજર ફેડરર | સ્વિટ્ઝરલેન્ડ |
| રાફેલ નદાલ | સ્પેન |
| ફ્રાંસેસ ટિયાફો | અમેરિકા |

ATP : Association of Tennis Professionals.

## ➤ યુનેસ્કોના સાંસ્કૃતિક હેરિટેજની સૂચિમાં ઉત્તર આફ્રિકાના કુસકૂસનો સમાવેશ

ઉત્તર આફ્રિકાની કુસકૂસ નામની વાનગીનો યુનેસ્કોના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ કરાયો. આ સિવાય સિંગાપોરની હોકર સંસ્કૃતિ, ઝામ્બિયાનું બૌદિમા નૃત્ય અને સ્પેનના વાઈન હોર્સનો યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ કરાયો છે. કુસકૂસએ ટ્યુનિશિયા, મોરોક્કો, અલ્જેરિયા, મોરિટાનિયા અને લિબિયા જેવા દેશોના લોકોનો મુખ્ય ખોરાક છે.

### ICE Questions

- ગુજરાત કેડરના કયા અધિકારીની તાજેતરમાં RAWમાં અન્ડર સેક્રેટરી પદ માટે નિમણૂક કરવામાં આવી ? – IPS સંદીપ ચૌધરી
- લકઝમબર્ગની કઈ કંપની વેકિસનની કોલ્ડચેઈન ઊભી કરવા સ્ટોરેજ ડિવાઈસિસ પ્લાન્ટ કચ્છમાં સ્થાપશે ? – બી. મેડિકલ સિસ્ટમ
- ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ 'અટલ–સેવા–શટલ' નામના આરોગ્ય રથનો પ્રારંભ કયાં કર્યો હતો ? – ધરમપુરમાં
- ASSOCHAMનો તાજેતરમાં કેટલામો સ્થાપના દિન ઉજવાયો હતો ? – 101મો
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ASSOCHAMના 101મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે કઈ કંપનીને એસોચેમ એન્ટરપ્રાઈઝ ઓફ સેન્ચ્યુરી એવોર્ડથી સન્માનિત કરી હતી ? – ટાટા ગ્રૂપને
- રૂપે કોન્ટેકટલેસ (ઓફલાઈન) સુવિધા તાજેતરમાં કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી ? – નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)
- નેશનલ કોમન મોબિલિટી કાર્ડ પ્રોગ્રામ કયા મિશન હેઠળ શરૂ કરાયો છે ? – વન કાર્ડ ફોર ઓલ પેમેન્ટ્સ
- ભારતીય નૌકાદળ માટે IMSAS, ભારતીય એરફોર્સ માટે અસ્ત્ર MK-1 મિસાઈલ તેમજ ભારતીય આર્મી માટેની BOSS સિસ્ટમ કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ? – સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)
- ટેલિકોમ સ્કિલ એકસલન્સ એવોર્ડ્સ અંતર્ગત તાજેતરમાં પ્રથમ પ્રાઈઝ કોને આપવામાં આવ્યું હતું ? – શ્રી નિવાસ કરણમને
- તાજેતરમાં સંગીતના ઉસ્તાદ ઈકબાલ અહમદ ખાનનું નિધન થયું હતું, તેઓ કયા ઘરાના સાથે સંકળાયેલા હતા ? – દિલ્હી ઘરાના

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- કેન્દ્ર સરકારે તાજેતરમાં બહાર પાડેલા અહેવાલ મુજબ વર્ષ 2014થી 2018ની વચ્ચે ભારતમાં દીપડાની વસતીમાં કેટલા ટકાનો વધારો થયો છે ? **– 60 ટકા**
- કેન્દ્ર સરકારે તાજેતરમાં બહાર પાડેલા અહેવાલ મુજબ દીપડાની વસતી સૌથી વધુ કયા રાજ્યમાં છે ? **– મધ્યપ્રદેશ**
- તાજેતરમાં એકવાફાર્મર્સ (મત્સ્યઉછેર) માટે બહુભાષી કોલ સેન્ટર કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું ? **– ધ મરિન પ્રોડક્ટ્સ એક્સપર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA)**
- RBI 50,000 રૂપિયાથી વધુના ચેક ટ્રાન્ઝેકશન માટે કયારથી 'પોઝિટીવ પે સિસ્ટમ' રજૂ કરશે ? **– 1 જાન્યુઆરી, 2021**
- અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટ દ્વારા બોલિવૂડના કયા અભિનેતાને લાઈફટાઈમ અચિવમેન્ટથી સન્માનિત કરવામાં આવ્યા હતા ? **– ધર્મેન્દ્રને**
- તાજેતરમાં રમત ગમત મંત્રીએ કેટલા રાજ્યોમાં ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સનું ઉદ્દઘાટન કર્યું હતું ? **– 8 રાજ્યોમાં**
- તાજેતરમાં યોજાયેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની થીમ શું હતી ? **– 'Science for self - Reliant India and Global Welfare'**
- નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ કુલ કેટલી શ્રેણીઓમાં આપવામાં આવે છે ? **– 15 શ્રેણીઓમાં**
- 'સ્વચ્છતા અભિયાન એપ' તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ? **– કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી થાવરચંદ ગેહલોત દ્વારા**
- બ્રહ્મપુત્રા આમંત્રણ અભિયાનને તાજેતરમાં કોના દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી ? **– કેન્દ્રીય રમત ગમત અને યુવા બાબતોના મંત્રીશ્રી કિરણ રિજિજૂ દ્વારા**
- જો બિડેનના સહાયક પ્રેસ સેક્રેટરી પદે તાજેતરમાં કયા ભારતીય મૂળના અમેરિકનની નિમણૂક કરવામાં આવી ? **– શ્રી વેદાંત પટેલ**
- 400 વર્ષ પછી ગુરૂ અને શનિ એક બીજાની ખૂબ નજીક આવ્યા હતા, આ અવકાશી ઘટનાને નાસાએ શું નામ આપ્યું હતું ? **– ગ્રેટ કન્જકશન**
- તાજેતરમાં યુનેસ્કોની સાંસ્કૃતિક હેરિટેજની સૂચિમાં સમાવાયેલ કુસકૂસ શું છે ? **– ખાવાની વાનગી**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમ કયા દેશ સામે ટેસ્ટ ક્રિકેટમાં ફકત 36 રનનો નિમ્ન સ્કોર નોંધાવી શકી હતી ? – ઓસ્ટ્રેલિયા
(ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આ ટેસ્ટ ક્રિકેટ મેચનું આયોજન એડિલેડ ખાતે થયું હતું.)
2. તાજેતરમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS)ના કયા પ્રથમ સત્તાવાર પ્રવકતાનું નિધન થયું હતું ? – શ્રી એમ. જી. વૈદ્ય
3. કયા વર્ષને 'સ્વર્ણિમ વિજય વર્ષ' તરીકે ઉજવવામાં આવશે ? – વર્ષ 2021
(વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધમાં ભારતના વિજયના વર્ષ 2021માં 50 વર્ષ થઈ રહયા છે. ભારત તેની જીતની 50મી વર્ષગાંઠને સ્વર્ણિમ વિજય વર્ષ તરીકે ઉજવશે.)
4. CMS-01 કોમ્યુનિકેશન સેટેલાઈટ અગાઉ કયા નામે ઓળખાતો ? – GSAT-12R
(CMS-01 સાત વર્ષનું મિશન લાઈફ ધરાવે છે.)
5. કોન્ટ્રાકટ ફાર્મિંગથી થતાં ફાયદાને ઉજાગર કરવા કેન્દ્ર સરકારે કઈ ઈ–બુકલેટ બહાર પાડી હતી ? – પુટિંગ ફાર્મર્સ ફસ્ટ
6. વર્ષ 2020ના હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસ (HDI)માં કયા પરિમાણને પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યો હતો ? – Planetary Pressures
(Planetary Pressures-adjusted Human Development Index (PHDI) એ પ્રાયોગિક ધોરણે હાથ ધરાયેલ છે.)
7. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં પ્રથમ AIIMS કયાં બનાવવા મંજૂરી આપવામાં આવેલ છે ? – રાજકોટ ખાતે
(AIIMS : All India Institute of Medical Sciences. ખંઢેરી ગામની નજીક રાજકોટ AIIMS હોસ્પિટલ 201 એકર જમીનમાં 1,195 કરોડના ખર્ચે તૈયાર થશે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ AIIMS પ્રથમ શૈક્ષણિક સત્રની પ્રથમ બેચનો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ગાંધીનગરથી વીડીયો કોન્ફરન્સ દ્વારા ઈ–પ્રારંભ કરાવ્યો હતો.)

8. તાજેતરમાં ભારતના કયા ઉદ્યોગપતિએ ગ્લોબલ વિઝનરી ઓફ સસ્ટેનેબલ બિઝનેસ એન્ડ પીસ એવોર્ડ જીત્યો હતો ? – રતન ટાટાએ

9. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે માર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ટેક્નોલોજી સહકાર અંગે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા ? – ઓસ્ટ્રિયા

10. રેસલિંગ માટેના કોલોગ્ને વર્લ્ડ કપમાં કયા ભારતીય રેસલરે ગોલ્ડ મેડલ જીત્યો હતો ? – અમિત પંઘાલ

11. ગ્લોબલ સસ્ટેનેબિલિટી એવોર્ડ 2020માં કઈ સંસ્થા વિજેતા બની ?
– કેરળની ESAF (ઈવેંજેલિકલ સોશલ એકશન ફોરમ) SFB (સ્મોલ ફાઈનાન્સ બેંક)
(ગ્લોબલ સસ્ટેનેબિલિટી એવોર્ડ 2020ની પ્લેટિનમ શ્રેણીમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) વિજેતા બન્યું છે.)

12. તાજેતરમાં યુ. કે.માં COVID-19ને કારણે ફરી લોકડાઉન કરવું પડયુ હતું, આના માટે કોવિડ-19નું બદલાયેલું કયું સ્વરૂપ જવાબદાર હતું ? – N501Y
(N501Y એ COVID-19નું નવુ મ્યુટન્ટ છે. મ્યુટન્ટ એટલે વાયરસમાં થયેલ આનુવંશિક ફેરફાર)

13. તાજેતરમાં ભારતમાં કઈ જગ્યાએ ઉન્નત હાઈપરસોનિક વિંડ ટનલ પરીક્ષણ સુવિધાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ? – હૈદરાબાદ
(ઉન્નત હાઈપરસોનિક વિંડ ટનલ પરીક્ષણ સુવિધાનું ઉદ્દઘાટન કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. આવી સુવિધા ધરાવતો ભારત અમેરિકા અને રશિયા બાદ ત્રીજો દેશ બની ગયો છે.)

14. તાજેતરમાં ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે તેના ગ્રામ્ય વિસ્તારોમાં સંપત્તિ અને જમીન વિવાદોને નિયંત્રિત કરવા માટે કયું વિશેષ અભિયાન શરૂ કર્યું હતું ? – વરાસત

15. તાજેતરમાં ધ કિલાઉઓ નામનો જવાળામુખી ફાટયો હતો, આ જવાળામુખી કયાં આવેલો છે ? – હવાઈના બિગ આઈલેન્ડ ઉપર

16. ઉત્તરગોળાર્ધમાં સૌથી લાંબી રાત અને સૌથી ટૂંકો દિવસ કઈ તારીખે હોય છે ? – 21 ડિસેમ્બર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ઉત્તરગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ અને સૌથી ટૂંકી રાત કઈ તારીખે હોય છે ? – 21 જૂન

– અમદાવાદની સાયન્સ સિટીમાં

18. વિશ્વ બેંકે તાજેતરમાં ડૂઈંગ બિઝનેસ રેન્કિંગમાં સુધારો કર્યો હતો, આ સુધારા બાદ ચીન કયા ક્રમે આવ્યું હતું ? – 85મું

(અગાઉ ચીનને આ રેન્કિંગમાં 78મું સ્થાન મળ્યું હતું.)

19. તાજેતરમાં ભારતમાં 8મો હાઈડ્રોકાર્બન ઉત્પાદન બેસિનનો કયાં પ્રારંભ કરવામાં આવ્યો ?

– પશ્ચિમબંગાળના અશોકનગરમાં

(અશોકનગરનો હાઈડ્રોકાર્બન ઉત્પાદન બેસિન ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.)

20. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?

– સર સૈયદ અહમદ ખાન દ્વારા

(આ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ 1875માં 'મુહમ્મદન એંગ્લો–ઓરિએન્ટલ કોલેજ' તરીકે થઈ હતી. જેનું નામ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી વર્ષ 1920માં કરવામાં આવ્યું હતું. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના શતાબ્દી સમારોહના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાજરી આપી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

21. મેઘાલયના શિલોંગ એરપોર્ટનું નામ શું છે ? – ઉમરોઈ એરપોર્ટ

22. હોંગકોંગ પીપલ્સ ફ્રિડમ એન્ડ ચોઈસ એકટ શું છે ?

– હોંગકોંગ પીપલ્સ ફ્રિડમ એન્ડ ચોઈસ એકટ એ યુ.એસ. બિલ છે જે યુએસએમાં હોંગકોંગના નાગરિકોને 'ટેમ્પરરી પ્રોટેકટેડ સ્ટેટસ' કહેવાતા ખાસ શરણાર્થીઓનો દરજ્જો આપવાનો પ્રયાસ કરે છે.

23. કેન્દ્ર સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતીની ઉજવણી માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે, આ સમિતિનું નેતૃત્વ કોના દ્વારા કરવામાં આવશે ?

– કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતશાહ દ્વારા

24. તાજેતરમાં કેન્દ્રીય જલ શકિત મંત્રાલય દ્વારા સંચાલિત નેશનલ વોટર મિશન દ્વારા જલશકિત અભિયાન ફેઝ 2 હેઠળ કયું અભિયાન શરૂ કરાયું હતું ?

– 'Catch the rain awareness generation campaign'

25. ડો. એફ.સી. કોહલી સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના કયાં કરવામાં આવશે ?

– ચેન્નાઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટયૂટ ખાતે

(ગણિતશાસ્ત્ર અને કમ્પ્યુટિંગ સાયન્સિસમાં અદ્યતન સંશોધન માટે ડો. એફ.સી. કોહલી સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના કરવામાં આવશે.)

26. 50 લાખથી વધુ માસિક ટર્નઓવર ધરાવતા બિઝનેસે કેટલા ટકા GSTની રકમ રોકડમાં ભરવી પડશે ?

– 1%

27. આંતરરાષ્ટ્રીય અદાલતે તાજેતરમાં ભારત સરકારને યુ.કે.ની કઈ કંપનીને 10,500 કરોડ ચૂકવવા આદેશ કર્યો હતો ?

– યુ. કે.ની કૈર્ન એનર્જી કંપની

28. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે DTH (Direct to Home)માં કેટલા ટકા FDIને મંજૂરી આપી ?

– 100%

(અગાઉ DTHમાં FDI(સીધા વિદેશી રોકાણ)ની મર્યાદા 49% હતી.)

29. તાજેતરમાં કયા દેશમાં આશરે 44,000 કરોડનું બજાર મૂલ્ય ધરાવતો સોનાનો ખજાનો મળી આવ્યો હતો ?

– તુર્કી

30. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિએ તેમના દેશમાં પૂર્વ રાષ્ટ્રપતિઓ પર પદ છોડયા બાદ આજીવન કેસ નહીં કરવાના ખરડા પર હસ્તાક્ષર કર્યા છે ?

– રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને

31. નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ (NSA)ની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી ?

– DPIIT (Department for Promotion of Industry and Internal Trade)

(DPIIT દ્વારા NPA એવોર્ડની શરૂઆત વર્ષ 2019માં કરવામાં આવી હતી.)

32. તાજેતરમાં ગુજરાતમાં કોવિડ-19માંથી રિકવર થયેલા દર્દીઓમાં અન્ય કયા ડિસીઝના લક્ષણો દેખાયા હતા ?

– મ્યુકરમાયકોસિસ

(મ્યુકરમાયકોસિસ એક ફંગલ ડિસીસ છે જેમાં સતત માથાનો દુખાવો અને ચહેરાના ભાગ પર ભારેપણુ લાગતું હોય છે.)

33. SEHAT યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કયા કેન્દ્રશાસિત પ્રદેશ માટે શરૂ કરશે ?

– જમ્મુ & કાશ્મીર

(SEHAT : Social Endeavour for Health and Telemedicine)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

34. Companies (Auditor's Report) Order, 2020 (CARO) તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ? – કોર્પોરેટ અફેર્સ મંત્રાલય

35. લાન્સેટના અભ્યાસ અનુસાર વાયુ પ્રદૂષણના કારણે દેશની અર્થવ્યવસ્થાને કેટલું નુકસાન થયું છે ? – GDPના 1.4%

36. તાજેતરમાં કઈ બેંકે 'Rupay Select' ડેબિટ કાર્ડ લોન્ચ કર્યું હતું ? – Central Bank of India એ

37. સ્ટીફન એડ્બર્ગ સ્પોર્ટ્સમેન શીપ એવોર્ડ તાજેતરમાં કયા રમતવીરને આપવામાં આવ્યો હતો ? – રાફેલ નદાલ

38. BCCI (Board of Control for Cricket In India)ના ડાયરેક્ટર કોણ છે ? – શ્રી સૌરવ ગાંગુલી

(BCCIના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે તાજેતરમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાજીવ શુક્લાને ચૂંટવામાં આવ્યા.)

39. દેશભરમાં કયારથી ફાસ્ટટેગ ફરજિયાત કરવામાં આવશે ? – 1 જાન્યુઆરી, 2021

40. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં પશ્ચિમ બંગાળની કઈ યુનિવર્સિટીની સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થવા પર સંબોધન કર્યું હતું ? – પશ્ચિમ બંગાળના શાંતિ–નિકેતન સ્થિત વિશ્વ–ભારતી યુનિવર્સિટી

41. ભારતનું સૌથી મોટું હોકી સ્ટેડિયમ કયાં બનાવવામાં આવશે ? – ઓડિશાના રાઉરકેલામાં

42. ન્યુમોનિયા સામેની ભારતની પ્રથમ સ્વદેશી રસી કોના દ્વારા વિકસાવવામાં આવી હતી ? – સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (SII)

43. આસામ કેબિનેટે તાજેતરમાં કઈ ભાષાને રાજ્યની સત્તાવાર ભાષા બનાવવા માટેના બિલને મંજૂરી આપી હતી ? – બોડો ભાષા

44. સ્ટેટ ઓફ મેડિટેરેનિયન એન્ડ બ્લેક સી ફિશરીઝ, 2018 રિપોર્ટ કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો ? – 'The food and Agriculture Organization (FAO)

45. ISRO અવકાશ માટે રિજનલ એકેડેમિક સેન્ટર કયાં સ્થાપશે ? – IIT વારાણસી

46. તાજેતરમાં સુગથાકુમારીનું COVID-19ના કારણે નિધન થયું હતું, તેઓ કઈ ભાષાના કવિ–સામાજિક કાર્યકર હતા ? – મલયાલમ ભાષા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**47.** તાજેતરમાં કઈ સંસ્થા CII-ITC સસ્ટેનેબિલિટી પુરસ્કાર 2020માં વિજેતા જાહેર થઈ ?

– NTPC (નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ)

(NTPCને આ પુરસ્કાર કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) શ્રેણી માટે એનાયત થયો હતો.)

**48.** પર્યાવરણ મંત્રાલયે ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને બચાવવા માટે કઈ પહેલ શરૂ કરી છે ?

– ફાયર ફલાઈ બર્ડ ડાયવર્ટર

**49.** ભારત કયા વર્ષમાં હોકી વર્લ્ડ કપનું આયોજન કરશે ? – વર્ષ 2023

(ભારત વર્ષ 2023માં ચોથી વખત હોકી વર્લ્ડ કપનું આયોજન કરશે. આ અગાઉ ભારતે વર્ષ 1982, 2010 અને 2018માં હોકી વર્લ્ડ કપની મેજબાની કરી હતી.)

**50.** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અટલ બિહારી વાજપેઈ પર આધારિત કયા પુસ્તકનું સંસદમાં વિમોચન કર્યું હતું ?

– 'અટલ બિહારી વાજપેઈ ઈન પાર્લામેન્ટ : એ કોમેમોરેટિવ વોલ્યૂમ'

**51.** તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે કોની વરણી કરવામાં આવી હતી ?

– ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર ચેતન શર્માની

**52.** ભારતમાં કોલ ઈમ્પોર્ટ મોનિટરિંગ સિસ્ટમ (CIMS) કયારથી લાગુ કરવામાં આવશે ?

– 1 ફેબ્રુઆરી, 2021

(CIMS હેઠળ બિટ્યુમિનસ કોલસા, એન્થ્રેસાઈટ કોલસા, કોકિંગ કોલ અને સ્ટીમ કોલસાના આયાતકારો પર નજર રાખવામાં આવશે.)

**53.** મગજને અસર કરનારા કયા એકકોષી અમીબાના કિસ્સાઓ તાજેતરમાં અમેરિકામાં જોવા મળ્યા હતા ? – નાઈગ્લેરિયા ફોવલેરી

**54.** 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ 2020'ની થીમ જણાવો ?

– 'New Features of Consumer Protection Act, 2019'

**55.** ASSOCHAM ના નવા અધ્યક્ષના રૂપમાં તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?

– વિનીત અગ્રવાલ

(ASSOCHAM : Associated Chambers of Commerce and Industry of India)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT